**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**
✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૪ – ૨ – ૨૦૦૯**

સિન્ડિકેટની સામાન્ય સભા બુધવાર, તા. ૪ – ૨ – ૨૦૦૯ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૪ – ૨ – ૨૦૦૯ |
|---|---|---|
| ૧. | ડૉ. બી. એ. પ્રજાપતિ (મા. કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ––– | –– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| *૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |

* શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ કુલસચિવશ્રીને અગાઉથી પ્રસ્તુત સભામાં ગેરહાજર રહેવા અંગેની જાણ કરી હતી.

**૧.** સિન્ડિકેટ તા. ૧૫ – ૧૦ – ૨૦૦૮ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત…

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા. ૧૫ – ૧૦ – ૨૦૦૮ની સામાન્ય સભાની કાર્યવાહી નીચે જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

## <u>બાબત ક્રમાંક : (૩)</u>

સરકારી તબીબી મહાવિદ્યાલય, સુરત તથા સરકારી કોલેજોમાં એડહોક વ્યાખ્યાતાઓની રાજય સરકાર દ્વારા નિમણૂંક કરવામાં આવે છે. આવા હંગામી ધોરણે નિમણૂંક પામેલ વ્યાખ્યાતાઓ તરફથી ઓર્ડિનન્સ – ૮૮ના પત્રકમાં માહિતી ભરી માન્યતા માટે યુનિવર્સિટીને નોંધ લેવા માટે મોકલવામાં આવે છે હાલમાં યુનિવર્સિટી તરફથી કાયમી નિમણૂંક પામેલ કર્મચારીઓને જ માન્યતા આપવામાં આવે છે. તો આવા એડહોક નિમણૂંક પામેલ વ્યાખ્યાતાઓને માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને નામંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, દરેક સ્વનિર્ભર સંસ્થા/કોલેજો માંથી શિક્ષકોની યાદી, નિમણૂંકની તારીખ, અન્ય શિક્ષકો જેવા કે કાયમી, હંગામી, મુલાકાતી શિક્ષક, ખંડ સમયના વિગેરે કયારથી કામ કરે છે, કાયમી કર્યાની તારીખ યુનિવર્સિટીના માન્યતા મેળવવાનો પત્રાંક વિગેરે માહિતી પત્ર મળ્યેથી દિન ૧૦માં યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપરોકત માહિતી પહોંચાડવાની રહેશે અન્યથા ઘટતું કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, Ordinance 37 - D (ઓર્ડીનન્સ સાડત્રીસ – ડી) હેથળ ઈ. ચા. આચાર્યશ્રીની માહિતી પણ મંગાવવી અને પરીક્ષામાં યુનિવર્સિટીનાં માન્યતા પ્રાપ્ત શિક્ષકોને જ પરીક્ષક (Examiner) તરીકે નિમણુંક આપવી.

**ને બદલે**

:: આથી ઠરાવવામાં આવે છે કે, **<u>તબીબી મહાવિદ્યાલય સુરતની સરકારી કોલેજમાં એડહોક વ્યાખ્યાતાઓની નિમણુંક કરવામાં આવે છે તે સબબ રાજય સરકારને કાયમી નિમણુંક કરવા તથા આજ પ્રમાણે આર્ટ્સ, કોમર્સ, એજયુકેશન અને સાયન્સની સરકારી કોલેજોમાં પણ એડહોકને બદલે કાયમી ધોરણે નિમણુંકો કરવા રાજય સરકારને વિનંતી કરવી.</u>**

**<u>વધુમાં ઠરાવવામાં આવે છે કે, સરકારી તબીબી મહાવિદ્યાલય સુરતમાં એડહોક વ્યાખ્યાતા ઓ ને જે નિમણુંક આપેલ છે તેમણે ખાસ કિસ્સામાં માન્યતા આપવી.</u>**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, દરેક સ્વનિર્ભર સંસ્થા/કોલેજો માંથી શિક્ષકોની યાદી, નિમણૂંકની તારીખ, અન્ય શિક્ષકો જેવા કે કાયમી, હંગામી, મુલાકાતી શિક્ષક, ખંડ સમયના વિગેરે કયારથી કામ કરે છે, કાયમી કર્યાની તારીખ યુનિવર્સિટીના માન્યતા મેળવવાનો પત્રાંક વિગેરે માહિતી પત્ર મળ્યેથી દિન૧૦માં યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપરોકત માહિતી પહોંચાડવાની રહેશે અન્યથા ઘટતું કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, Ordinance 37 - D (ઓર્ડીનન્સ સાડત્રીસ – ડી) હેથળ ઈ. ચા. આચાર્યશ્રીની માહિતી પણ મંગાવવી અને પરીક્ષામાં યુનિવર્સિટીનાં માન્યતા પ્રાપ્ત શિક્ષકોને જ પરીક્ષક (Examiner) તરીકે નિમણુંક આપવી.

**વાંચનમાં લેવું**

**<u>બાબત ક્રમાંક : (૧૧)</u>**

– વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં Department of Mathematicsની Lecturer - SEBC ની કાયમી જગા પર નિમણૂંક કરવા અંગે ઓર્ડિનન્સ–૩૭ હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા.૧૩–૧૦ – ૨૦૦૮ ના રોજ મળેલ સભાની ભલામણનો સ્વીકાર કરવો અને ઉપરોક્ત જગા પર પસંદગી સમિતિએ કોઈ ઉમેદવારની પસંદગી કરેલ નથી આથી ફરી જાહેરાત આપી નિમણૂંકની કાર્યવાહી કરવી.

**ને બદલે**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં Department of Mathematicsની Lecturer - SEBC ની કાયમી જગા પર નિમણૂંક કરવા અંગે ઓર્ડિનન્સ–૩૭ હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા.૧૩–૧૦–૨૦૦૮ ના રોજ મળેલ સભાની ભલામણનો **<u>અસ્વીકાર કરવો અને ફરી જાહેરાત આપી નિમણૂંકની કાર્યવાહી કરવી.</u>**

**વાંચનમાં લેવું**

## ૨. મા. કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

**૨.૧.** ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતના ડીનશ્રીએ સરકારી તબીબી મહાવિદ્યાલય, સુરત ખાતે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯–૨૦૧૦ થી (૧) **Super special course - M.ch. (Plastic and Reconstructive Surgery)** (અભ્યાસક્રમની નવી માન્યતા માટે) અને (૨) **Post graduate Course - M.D. (Biochemistry)** (અભ્યાસક્રમની નવી માન્યતા માટે) ના અનુસ્નાતક અભ્યાસક્રમ ગ્રાન્ટ–ઈન–એઈડ ધોરણે ચલાવવા / શરૂ કરવા માન્યતા અંગેની અરજી તા. ૧૭–૯–૨૦૦૮ના પત્રથી મોકલેલ છે, મોકલેલ પત્રમાં જણાવ્યાનુસાર, આ કોર્ષ શરૂ કરવાની પરવાનગી મળ્યા બાદ સરકારશ્રી પાસેથી **MCI** માં કોર્ષ શરૂ કરવા માટેની ઈન્સપેકશન ફી આપવા માટેની મંજૂરી મેળવવાની રહે છે, ત્યારબાદ ઈન્સપેકશન ફી સાથે અરજી **Central Government** માં કરવાની થાય છે અને **Central Government** પછી તે અરજી **Medical Council of India, New Delhi** ને મોકલે છે. ત્યારબાદ **MCI** ઈન્સપેકશન કરી પરવાનગી આપે તો જ આ કોર્ષ કરી શકાય, આમ **MCI** ની પરવાનગી વગર આ કોર્ષ શરૂ કરી શકાય નહી. આમ લાંબી પ્રક્રિયા હોય, આ બાબતને ટોચ અગ્રતા આપી આ બાબતે **L.I.C.** ની નિમણૂંક કરવા અંગે વિનંતી કરી હતી, જે મા.કુલપતિશ્રીએ ગ્રાહય રાખી, સદરહું સંસ્થાની સ્થાનિક તપાસસમિતિ પર (૧) ડૉ. મહેન્દ્રભાઈ ચૌહાણ, સેનેટ સભ્ય (૨) શ્રી સંજયભાઈ દેસાઈ, સિન્ડિકેટ સભ્ય અને (૩) ડૉ. કલ્પના દેસાઈ, ડીન, સ્મીમેર ની નિમણૂંક કરી છે. જે અંગે મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા સારું.

(અનુસ્નાતક)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૨.** ઈજનેરી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન એન્જિનીયરીંગ કોલેજો માટે ઈજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ માટેની સુધારેલ સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૩.** વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો તથા અનુસ્નાતક ભવનોમાં ચલાવતા એમ. સી. એ., એમ. એસસી. (બાયોઈન્ફોરમેટીકસ) અને ડી. સી. એ.ના અભ્યાસક્રમો માટે કોમ્પ્યુટર સાયન્સ વિભાગનાં વડાશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ માટેની સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૪.** વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન એમ. એસસી. (એન્વાયરમેન્ટલ સાયન્સ) અભ્યાસક્રમ ચલાવતી કોલેજો માટે વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ –૦૯ માટેની સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૫.** વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળના અનુસ્નાતક ભવનોમાં ચલાવતા એમ. એસસી. (એપ્લાઈડ સ્ટેટેસ્ટીકસ)ના અભ્યાસક્રમો માટે સ્ટેટેસ્ટીકસ વિભાગનાં વડાશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ –૦૯ માટેની સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**૩.** શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯ – ૨૦૧૦ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં કાર્યક્ષેત્ર બહાર નવી કોઈ કોલેજના જોડાણ માટે કોઈ ટ્રસ્ટ/ મંડળ માંગણી કરે તો તેમની જોડાણઅરજી/ પત્રકો આપવા/ સ્વીકારવા કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

**(નોંધ:** શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૨૦૦૭, ૨૦૦૭ – ૨૦૦૮ અને ૨૦૦૮ – ૨૦૦૯ માટે યુનિવર્સિટી કાર્યક્ષેત્ર બહાર નવી કોઈ કોલેજનાં જોડાણ માટે સિન્ડિકેટે તેની તા. ૨૬–૧૦–૨૦૦૫ ની સભામાં બાબત ક્રમાંક : (૫), તા.૮–૯–૨૦૦૬ ની બાબત ક્રમાંક : (૧૩) અને તા.૮–૧૦–૨૦૦૭ ની સભામાં બાબત ક્રમાંક : (૧૬) અન્વયે, વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈ. વર્ષ ૨૦૦૬–૨૦૦૭, ૨૦૦૭–૨૦૦૮ અને ૨૦૦૮–૨૦૦૯ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં કાર્યક્ષેત્ર બહાર સ્વનિર્ભર સંસ્થા/ કોલેજનું નવું જોડાણ કોઈને આપવું નહી અને નવા અરજીપત્રક આપવા/ સ્વીકારવા નહી. વધુમાં ગ્રાન્ટેડ અભ્યાસક્રમની કોઈ જોડાણ અરજી આવે તો તેને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ઠરાવ વધુ શૈ. વર્ષ : ૨૦૦૯ – ૧૦ માટે યથાવત લંબાવવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિ. સંલગ્ન S f I યુ.જી./ પી. જી. કોલેજોનું સેન્ટ્રલ એડમીશન શૈ. વર્ષ : ૨૦૦૯ – ૧૦ દરમ્યાન કરવું અને તે માટે નીચેના સભ્યશ્રીઓની સમિતિ નિમવી.

(૧) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૨) આ. શ્રી જે. એમ. નાયક (૩) આ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ

**૪.** ટી. વાય. બી. એ.ની સોસ્યોલોજી (External)ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીની ધર્મીષ્ઠાબેન જયંતીલાલ વકાણી પરીક્ષાર્થી નં. ૨૦૨૨૦ના પુનઃ મૂલ્યાંકનના વિવાદ અંગે તપાસ સોંપવામાં આવેલી કમિટિના રિપોર્ટ ઉપરવિચારણા કરવા બાબત.

**(નોંધ :** – કમિટિનો રીર્પોટ તા. ૧૫/ ૧૦/ ૨૦૦૮ની સિન્ડિકેટની સભાની બાબત ક્રમાંક : ૮ સાથે મોકલી આપેલ જે બાબત મુલતવી રાખેલ.)

(પરીક્ષા)

:: બહુમતીથી એવું ઠરાવવામાં આવ્યું કે, ટી. વાય. બી.એ. ના વિદ્યાર્થીની ધર્મિષ્ઠા જયંતિલાલ વકાણીનાં સમાજશાસ્ત્ર (સોસ્યોલોજી), એક્ષટર્નલની પરીક્ષાના પુનઃ મૂલ્યાંકનમાં થયેલ ગેરરીતિના સંદર્ભમાં યુનિવર્સિટીના કુલપતિશ્રીને અનેક ફરિયાદો થઈ હતી. યુનિવર્સિટીના કુલપતિ તથા ગુજરાત રાજયના મહામહીમ રાજયપાલશ્રીને પણ ફરિયાદ થઈ હતી અને તે સંદર્ભમાં રાજભવનની કચેરી ધ્વારા પણ આ બાબતમાં યુનિવર્સિટીનો ખુલાસો માંગ્યો હતો. આ બાબતે જાહેર માધ્યમોમાં ખાસ્સો વિવાદ ઉપસ્થિત થયો હોવાથી યુનિવર્સિટીના પરીક્ષા તંત્રની વિશ્વસનીયતા અંગેની ગંભીરતાને ધ્યાનમાં લઈ કુલપતિશ્રીએ શ્રી એન. બી. મહીડાનાં અધ્યક્ષપદે નિમેલ તપાસ સમિતિએ તપાસને અંતે તા. ૨૭ – ૯ –૦૮ના રોજ આપેલ અહેવાલને પુખ્ત ચર્ચા વિચારણાના અંતે બહુમતીથી સ્વીકારી પુનઃ મૂલ્યાંકનમાં ધર્મિષ્ઠા વકાણીને બંને તજજ્ઞો પાસે વધુ માર્કસ મૂકાવવા અને બીજી વખતના પુનઃ મૂલ્યાંકનમાં પણ તજજ્ઞ પાસે વધુ પડતા માર્કસ મૂકાવવા માટે માલુમ પડતા જવાબદારો પૈકીના એક રૂરલ સ્ટડીઝ વિભાગનાં રીડર અને ધર્મિષ્ઠાબેન વકાણીના પતિ શ્રી વિપુલ સોમાણી તેમજ વધુ પડતા માર્કસ મુકવામાં સંડાવાયેલા સમાજશાસ્ત્રના અધ્યાપક શ્રી અરૂણ પંડયા તથા શ્રી પરવેઝ અબ્બાસી તથા બીજી વખતના પુનઃ મુલ્યાંકનમાં વધુ પડતા માર્કસ મુકવામાં સંડોવાયેલ અધ્યાપક સામે તહોમત નામુ ફરમાવી તેમની સામે ખાતાકીય તપાસ કરવા આચાર્ય શ્રી વી. ડી. નાયક અને ડો. પી. એચ. ભાઠાવાલાની તપાસ સમિતિ નિમવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રૂરલ સ્ટીડીઝ વિભાગના રીડર શ્રી વિપુલ સોમાણી પોતાના રીડર તરીકેના હોદ્દાના કારણે સેનેટ સભ્ય તરીકે, સિન્ડિકેટ સભ્ય તરીકે, એકેડેમીક કાઉન્સીલ તથા બીયુટીના સભ્ય તરીકે, રૂરલ સ્ટડીઝ વિભાગના વડા તરીકે તેમજ ફેકલ્ટી ઓફ રૂરલ સ્ટડીઝના ડીન તરીકેના હોદ્દાઓ પણ સંભાળે છે. આવા વગદાર પદ ઉપર રહેવાથી તપાસની કાર્યવાહીમાં અવરોધ ઉભો કરી શકે તથા સાક્ષીઓ ઉપર દાબ–દબાણ લાવી શકે તેમજ રેકોર્ડ સાથે ચેડાં કરી શકે તેવી સંભાવના ટાળવાના હેતુથી નિષ્પક્ષ અને ન્યાયી તપાસ થઈ શકે તે માટે તેમને રૂરલ સ્ટડીઝ વિભાગના રીડર તથા ઓફીસીયેટીંગ હેડ તરીકેનાં હોદ્દા ઉપરથી તાત્કાલિક અસરથી ફરજ મોકુફ કરવામાં આવે.

શ્રી વિપૂલ સોમાણીએ કુલપતિશ્રીની પરવાનગી વગર યુનિવર્સિટીમાં પ્રવેશવું નહિ. હેડ કવાર્ટર છોડવું નહી. ફરજ મોકુફી દરમ્યાન નિયામાનુસાર તેમને મળવા પાત્ર પગાર યુનિવર્સિટીએ ચૂકવવાનો રહેશે. તપાસની કાર્યવાહીમાં સહકાર આપવા માટે તેમને જયારે બોલાવવામાં આવે ત્યારે સ્વ ખર્ચે હાજરી આપવાની રહેશે. ધર્મિષ્ઠા વકાણીનું વિવાદ ગ્રસ્ત રીઝલ્ટ અત્રે સ્થગિત કરવાનું ઠરાવવામાં આવે છે. તથા ઉપરોકત મેળવેલ માર્કશીટ તથા ડીગ્રી યુનિવર્સિટીને જમા કરવાનું તથા સદર કેસ યુનિવર્સિટીની પરીક્ષા આચાર સમિતિ સમક્ષ મૂકવાનું આજની સિન્ડિકેટ ઠરાવે છે.

**૫.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસ ખાતે " સિકયુરીટી ઓફિસર " ની નિમણૂંક અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસમાં સ્વનિર્ભર ધોરણે ૧ (એક) સિકયુરીટી ઓફિસરની જગ્યા ઉભી કરવી અને પ્રસ્તુત બાબત અંગે લાયકાતના ધોરણો, પગારના ધોરણો, નોકરીની શરતો નકકી કરવા અંગેના નીતિ નિયમો ઘડવા માટે નીચે મુજબની સમિતિની નિમણૂંક કરવી.

(૧) શ્રી દિનેશભાઈ દાસા (૨) ડૉ. વિનોદરાય બી. પટેલ (ડી. બી. આઈ. એમ.)

**૬.** શ્રી સદ્‌વિદ્યા મંડળ, ભરૂચ દ્વારા યુનિવર્સિટી સંલગ્ન શ્રી ડી.એચ. પટેલ કોલેજ ઓફ ફિઝીકલ એજ્યુકેશન (બી.પી.એડ્‌. અભ્યાસક્રમ) ચલાવવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ દરમિયાન બી.પી.એડ્‌. કોલેજમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૩ (ત્રણ) જેટલી હતી, જે વિદ્યાર્થીઓએ પાછળથી પ્રવેશ રદ કરાવેલ છે આથી મંડળે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭ – ૨૦૦૮થી કોલેજ બંધ કરવાનો નિર્ણય કરેલ છે અને તેથી જે તે અધ્યાપકોને તથા કાર્યાલયના સ્ટાફને નિયમાનુસાર છૂટા કરીશું, માટે આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯ માટે જોડાણ ચાલુ રાખવા અંગેની અરજી કરી નથી એમ જણાવતાં સંસ્થાના ચેરમેનશ્રી એમ.આર. ઠાકોરનાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તા. ૨૩/૧૦/૨૦૦૭નાં પત્રાંક : એસવીએમ/૧૮૯–અ/ ડી.એચ.પટેલની ફાઈલ/૨૦૦૭–૨૦૦૮ ઉપર વિચારણા કરી સિન્ડિકેટે, તા. ૬–૨–૨૦૦૮ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬) અન્વયે, નિયુકત સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને બાબત ક્રમાંક : ૪૪ની સાથે વિચારણા માટે લેવાનું ઠરાવાયું.

**૭.** પરીક્ષા આચાર સમિતિની તા. ૨૯ – ૮ – ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૦૧ (અ), ૦૧ (બ), ૦૧ (ક), ૦૧ (ડ), ૦૨, ૦૩ ને **પરિશિષ્ટ : " ક "**માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી અને બાબત ક્રમાંક : ૦૧ (ઈ)ને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

– માર્ચ/ એપ્રિલ/ મે – ૨૦૦૮માં લેવાયેલ એફ. વાય. બી. એ. પરીક્ષાના બેઠક ક્રમાંક : ૦૨૧૩૯૦ વાળા પરીક્ષાર્થીને જે સજા કરેલ હોય **તે જ** સજા બેઠક ક્રમાંક : ૦૨૧૩૮૫ વાળા વિદ્યાર્થીને કરવી.

**(પરિશિષ્ટ : " ક ")**

**૮.** પરીક્ષા આચાર સમિતિની તા. ૨૯ – ૯ – ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૯ / ૯/ ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ : " ખ "** માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ " ખ ")**

**૯.** પરીક્ષા આચાર સમિતિની તા.૨૨/૧૦/૨૦૦૮ ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૨ / ૧૦/ ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ : " ગ "** માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ " ગ ")**

**૧૦.** મેડીકલ ફેકલ્ટીનાં ફોરેન્સીક મેડીસીન વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેની સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર), સુરતનાં પ્રોફેસર ડૉ. એમ. આઈ. શેખની અરજીની સમીક્ષા તબીબી વિદ્યાશાખાની તા. ૩ – ૩ – ૨૦૦૭ની સભાની ભલામણ ક્રમાંકઃ ૧૧ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૬ –૯ – ૨૦૦૭ની સભાની ભલામણ ક્રમાંક : ૨૬ને સિન્ડિકેટની તા. ૮ – ૧૦ – ૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૯ મુજબના સ્વીકારેલ ઓર્ડિનન્સ 108 (III) પ્રમાણે મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રીના હકારાત્મક અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડીનશ્રીની ભલામણ મુજબ ડૉ. એમ. આઈ. શેખને મેડીકલ ફેકલ્ટીનાં ફોરેન્સીક મેડીસીન વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.

**૧૧.** સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૨૦૦૮ માટે તા. ૧૫–૬–૦૬નાં ૫૪૧/ સી.એન.કે. એચ.એમ.સી. અને આર.સી./૦૬–૦૭ની અરજી ફોર્મ–ડી માં એમ.ડી. (હોમિયોપેથી) માટે મટેરીયા મેડીકા, ઓર્ગોનોન ઓફ મેડીસીન, રેપર્ટરી વિષય માટે અરજી કરી હતી. ત્યાર બાદ ફરીવાર શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯ માટે તા. ૭/૩/૦૮ના રોજ અરજી ફોર્મ–ડી માં કરેલ અરજીમાં રેપર્ટરી વિષય શરતચૂકથી લખવાનો રહી ગયેલ છે. ગુજરાત સરકારે સંસ્થાને એન.ઓ.સી. એસેન્સયાલીટી સર્ટીફીકેટ આપ્યુ તેમાં રેપર્ટરી વિષયનો ઉલ્લેખ છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે હાલમાં પાંચ વિષયો પૈકી મેડીકા, ઓર્ગેનોન, રેપર્ટરી વિષય માટે એન.ઓ.સી. આપ્યું છે. આ સંજોગોમાં અરજીમાં રેપર્ટરી વિષયનો જે ઉલ્લેખ શરતચૂકથી રહી ગયો છે એ વિષયનો ઉલ્લેખ ઉમેરી જોડાણ અંગેનો પત્ર આપવાની વિનંતી કરતા સદરહું સંસ્થાના આચાર્યશ્રી ડૉ. જે. આર. રાવના તા. ૬–૦૯–૨૦૦૮નાં પત્રાંક : ૧૧૦૪/સી.એન.કો.હો.મે.કો. અને રી.સે./૦૮–૦૯ ઉપર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારાના આચાર્યશ્રી ડૉ. જે. આર. રાવની રેપર્ટરી વિષયનો ઉલ્લેખ ઉમેરવાની વિનંતી ગ્રાહ્ય રાખવી.

**૧૨.** ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના તા. ૨૧–૮–૨૦૦૮ના પત્ર ક્રમાંક કવટ / વ. ૧ / ૨૦૦૮–૦૯ / ૧૬૬૭૩–૮૪ થી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના બિન શૈક્ષણિક કર્મચારીઓના સીધી ભરતી / બઢતી માટેના કલાર્ક અને કલાર્ક કમ ટાઈપીસ્ટ અને વર્ગ ૪ના ના લાયકાત ધોરણ દર્શાવેલ હોય જે લાયકાત ધોરણ હાલના ઓ. ૬૯ – બી (એપેન્ડીક્ષ ઈ) માં સુધારવા / નવા આમેજ કરી નીચે મુજબ ઓ. ૬૯ (એપેન્ડીક્ષ ઈ) વાંચનમાં લેવાઈ તે મુજબ વિચારણા કરવા બાબત.

## APPENDIX - " E "

સંલગ્ન બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજય, કાનૂન અને શિક્ષણ વિધાશાખાની કોલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓની જગા માટેનાં ન્યુનતમ લાયકાત ધોરણો

| ક્રમ | કક્ષા | ન્યુનતમ લાયકાત / અનુભવ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ | સ્નાતક પદવી સાથે પાંચ વર્ષનો કોલેજ ઓફિસ કામનો અનુભવ અથવા દશ વર્ષનો કુલ અનેભવ અથવા એસ.એસ.સી. સાથે પંદર વર્ષનો ઓફિસ કામનો અનુભવ, જે પૈકી ઓછામાં ઓછા પાંચ વર્ષનો કોલેજ ઓફિસના કામનો અનુભવ |
| ૨ | એકાઉન્ટન્ટ કેશિયર | સ્નાતક પદવી સાથે પાંચ વર્ષનો ઓફિસ કામનો અનુભવ અથવા એસ.એસ.સી. સાથે દશ વર્ષનો ઓફિસ કામનો અનુભવ. |
| ૩ | સ્ટેનોગ્રાફર | એસ.એસ.સી. અને રાજય સરકારનસ ન્યૂનતમ અંગ્રેજી અને ગુજરાતી ટાઈપીગ અને સ્ટેનોગ્રાફરની પરીક્ષઓ પસાર કરેલી હોવી આવશ્યક અને ઓછામાં ઓછો પાંચ વર્ષનો ઓફિસમાં સ્ટેનોગ્રાફર તરીકેનો કામનો અનુભવ |
| ૪ | હેડ કલાર્ક | સ્નાતક પદવી સાથે ત્રણ વર્ષનો ઓફિસ કામનો અનુભવ અથવા એસ.એસ.સી. સાથે દશ વર્ષનો ઓફિસ કામનો અનુભવ. |
| ૫ | સિનિયર કલાર્ક | સ્નાતક પદવી સાથે ત્રણ વર્ષનો ઓફિસ કામનો અનુભવ અથવા એસ.એસ.સી. સાથે સાત વર્ષનો ઓફિસ કામનો અનુભવ. |
| ૬ | સિનિયર લેબોરેટરી આસિસ્ટન્ટન્ટ | સ્નાતક પદવી સાથે ત્રણ વર્ષનો ઓફિસ કામનો અનુભવ અથવા એસ.એસ.સી. સાથે સાત વર્ષનો ઓફિસ કામનો અનુભવ જે પૈકી ૨ (બે) વર્ષનો લેબોરેટરી કામનો અનુભવ |
| ૭ | જુનિયર કલાર્ક | <u>પ્રવર્તમાન જોગવાઈ</u><br>સ્નાતક પદવી અથવા એસ.એસ.સી. સાથે ચાર વર્ષનો ઓફિસ કામનો અનુભવ. ટાઈપિંગ ન જાણનારને નિમણૂંક થયા પછી અને કાયમ થતા પહેલાં મિનિટે ઓછામાં ઓછી ૩૦ શબ્દોની ઝડપ મેળવી લેવી આવશ્યક રહેશે. |
| ૮ | લેબોરેટરી આસિસ્ટન્ટ | સ્નાતક પદવી અથવા એસ.એસ.સી. સાથે ચાર વર્ષનો ઓફિસ કામનો અનુભવ જે પૈકી ૧ (એક) વર્ષનો લેબોરેટરી કામનો અનુભવ |
| ૯ | જુનિયર લેબોરેટરી આસિસ્ટન્ટ | સ્નાતક પદવી સાથે એસ. એસ. સી. સાથે ચાર વર્ષનો ઓફિસ કામનો અનુભવ જે પૈકી ૧ (એક) વર્ષનો લેબોરેટરી કામનો અનુભવ |
| ૧૦ | સ્ટોરકીપર | સ્નાતક પદવી અથવા એસ.એસ.સી. સાથે ચાર વર્ષનો ઓફિસ કામનો અનુભવ જે પૈકી ૧ (એક) વર્ષનો સ્ટોરકીપર તરીકેનો અનુભવ |
| ૧૧ | ગ્રંથપાલ | ૧. સ્નાતક પદવી અથવા કોઈ પણ કાનૂની યુનિવર્સિટીનો લાઈબ્રેરી સાયન્સમાં ડિપ્લોમાં અથવા<br>૨. કોલેજ લાઈબ્રેરીમાં લાઈબ્રેરીયન તરીકે ઓછામાં ઓછા ૧૫ વર્ષનો અનુભવ. |
| <u>**સૂચિત સુધારા મુજબની જોગવાઈ**</u> | | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના તા. ૨૧–૮–૨૦૦૮ના પત્ર ક્રમાંક કવટ / વ. ૧ / ૨૦૦૮–૦૯ / ૧૬૬૭૩–૮૪ થી સુધારેલ / નવા આમેજ કરેલ |
| ૭ | કલાર્ક અને કલાર્ક કમ ટાઈપીસ્ટ | **ધોરણ ૧૨ પાસ, કોમપ્યુટર (સી.સી.સી.) પરીક્ષા સરકાર માન્ય સંસ્થા ધ્વારા પાસ કરવી ફરજીયાત.** |
| વર્ગ ૪ની નવી જોગવાઈ | | |
| ૧૨ | વર્ગ ૪ | ન્યુ એસ. એસ. સી. પાસ |

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને જુનિ. કલાર્ક અને કલાર્ક કમ ટાઈપીસ્ટ યુનિ. સંલગ્ન બિનસરકારી વિનયન, વિજ્ઞાન, કાનૂન અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓની જગા માટેનાં ન્યુનતમ લાયકાત ધોરણો નીચે મુજબ સ્વીકારી જરૂરી પ્રવર્તમાન ઓર્ડીનન્સમાં જરૂરી ફેરફાર કરવા સંલગ્ન કોલેજોને પરિપત્રથી જાણ કરવી.

વધુમાં રાજય સરકાર દ્વારા વહીવટી કર્મચારીઓના ન્યુતમ લાયકાત ધોરણોમાં થયેલો સધારો સ્ટાફ સ્ટેન્ડીગ કમીટીમાં વિચારણા માટે રજૂ કરવું.

**૧૩.** University Grants Commission નો સામેલ પત્ર ક્રમાંક : F.6-1/2006 (CPP-II) Dt. 29th September 2008 થી જણાવ્યા અનુસાર Persons with Disabilities ને લગતી ૧૩ મી જૂન ૨૦૦૮ ના રોજની મિટીંગમાં આપેલ નીચે મુજબના સૂચનો અંગે વિચારણા કરવા બાબત...

૧. Persons with Disabilities વિદ્યાર્થીઓને, યુનિવર્સિટીએ બે વર્ષ પૂરતાં / કોલેજોએ ત્રણ વર્ષ પૂરતા Braille Books, Talking Books and Sign Language interpreter પહોંચાડવા અંગે...

૨. Most central Universities and at least one State University માં એક Department of Disability Studies હોવું જોઈએ જેથી, Persons with Disabilities ને specially human rights, rehabilitation, education આપી શકાય.

(યુ.જી.સી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી Department of Disability Studies શરૂ કરવા માટે યુ. જી. સી. તરફથી સદર વિભાગ શરૂ કરવા માટે કઈ ભૌતિક સુવિધાઓ તથા આર્થિક મદદ મળી શકે તે અંગે વિગતો મંગાવવી.

**૧૪.** યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓની વિવિધ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓની પરીક્ષાઓમાં સૌથી વધુ ગુણ મેળવતાં વિદ્યાર્થીઓઓને ગોલ્ડ મેડલ/પારિતોષિક એનાયત કરવામાં આવે છે. વિવિધ પરીક્ષાઓ પૈકીની અમુક પરીક્ષાઓમાં એક કરતાં વધુ દાતાઓએ તેઓએ નકકી કરેલાં નામ અને શરતોએ મેડલ/પ્રાઈઝ આપવામાં આવે જ છે.

હવે, એક જ પરીક્ષામાં એક કરતાં વધુ મેડલ/પ્રાઈઝ મેળવનાર વિદ્યાર્થીઓ માટે સિન્ડિકેટે તેની તા.૨૯–૫–૦૪ ના ઠરાવ ક્રમાંક – ૪૬ થી એક કમિટિ બનાવી હતી. સદરહુ કમિટિએ નીચે મુજબ ઠરાવ્યું હતું અને તે ઠરાવ સિન્ડિકેટની તા.૨૨–૯–૨૦૦૪ ની સભામાં યથાવત્ મંજુર કરવામાં આવ્યો હોય યુનિવર્સિટીની અન્ય ફેકલ્ટીઓમાં એક જ ટર્મ્સ એન્ડ કન્ડીશનને આધારે જુદા જુદા દાતાઓ પાસેથી એક જ પરીક્ષામાં એક કરતાં વધારે મેડલ/પ્રાઈઝ આપવામાં આવતો હોય, તા.૨૨–૯–૨૦૦૪ ના રોજની સિન્ડિકેટે કરેલાં નીચે મુજબના ઠરાવ પર પુનઃ વિચારણા કરવા બાબત.

**ઠરાવ :–**

(૧) જે પરીક્ષા/વિષયમાં ગોલ્ડ મેડલ/પ્રાઈઝ જ અપાતાં હોય તેમાં નવ મેડલ/પ્રાઈઝ દરખાસ્ત/દાન સ્વીકારવા નહીં.

(૨) ગોલ્ડ મેડલ/પ્રાઈઝ માટે અનુક્રમે રૂા. ૨૫,૦૦૦/– થી વધારીને રૂા. ૭૫,૦૦૦/– તથા રૂા.૧૦,૦૦૦/– થી વધારીને રૂા. ૩૦,૦૦૦/– કરવા.

જેનાં દાન આવેલ છે અને સિન્ડિકેટ દ્વારા મેડલ આપવાનું સ્વીકારવામાં આવ્યું નથી તેવા દાતાઓને પત્રથી પુછાવીને તેઓ ઉપરની વધારાની રકમ દાનથી આપવા તૈયાર હોય તો તેમના નામના મેડલ રૂા. ૭૫,૦૦૦/– થી અપાશે અને પ્રાઈઝ રૂા. ૩૦,૦૦૦/– ની રકમથી અપાશે.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વહીવટી મેડલ અને પારિતોષિક ખર્ચની પ્રવર્તમાન જોગવાઈ રદ કરવી અને વ્યાજની વધારાની રકમ મૂળ રકમમાં ઉમેરવી.

**૧૫.** નિઝર તાલુકા/સર્વાગી વિદ્યા પ્રસારણ મંડળ, નિઝર સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નિઝરનું નવું નામકરણ " શ્રી એસ.જી. પટેલ આર્ટ્સ એન્ડ શ્રી પી.કે. દેસાઈ કોમર્સ કોલેજ, નિઝર" કરેલ છે. તો નવા નામની મંજૂરી આપવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૭–૧૧–૨૦૦૮ના પત્રાંકઃ વીવીએન/ ૧૫૪/ ૨૦૦૮–૦૯ ઉપર વિચારણા કરવા બાબત..

**નોંધ :** (૧) સિન્ડિકેટ તા. ૨૯–૪– ૨૦૦૮નાં ઠરાવ ક્રમાંક : (૧૦) અનુસાર, સદરહું સંસ્થાએ કોલેજનું નામ બદલવા માટે જરૂરી ફીની રકમ રૂા. ૨૫,૦૦૦/–નો ચેક યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાં જમા કરાવ્યો છે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નિઝર તાલુકા/સર્વાગી વિદ્યા પ્રસારણ મંડળ, નિઝર સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નિઝરનું નવું નામકરણ " શ્રી એસ.જી. પટેલ આર્ટ્સ એન્ડ શ્રી પી.કે. દેસાઈ કોમર્સ કોલેજ, નિઝર" કરવાની મંજૂરી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોલેજના નામો સુધારવા તેના નિતી નિયમો ઘડવા માટે નીચેના સભ્યોની સમિતિ નકકી કરવી.

(૧) આ. શ્રી. જે. એમ. નાયક (૨) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૩) આ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ

**૧૬.** યુનિવર્સિટી વિસ્તાર બહાર ઈન્દુ કોલેજ ઓફ મેડીકલ સાયન્સ, વડોદરામાં હાલમાં B.Sc. MICROBIOLOGY (U.G.) નો સ્વનિર્ભર અભ્યાસક્રમ આ યુનિવર્સિટી સંલગ્ન ચાલે છે. પ્રસ્તુત સંસ્થા હવે આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯–૨૦૧૦ થી અનુસ્નાતક M.Sc. MICROBIOLOGY (P.G.) શરુ કરવા માંગે છે, અને તા. ૨૨–૧૦–૨૦૦૮ ના પત્ર સાથે જોડાણ અરજી સાત નકલમાં મોકલી છે, જે સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધ :**

૧. સિન્ડિકેટ વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી (શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬–૨૦૦૭, ૨૦૦૭–૨૦૦૮ અને ૨૦૦૮–૨૦૦૯) સિન્ડિકેટ સભાના ઠરાવ : " વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં કાર્યક્ષેત્ર બહાર સ્વનિર્ભર સંસ્થા/કોલેજનું નવું જોડાણ કોઈને આપવું નહીં અને નવા અરજીપત્રક આપવા/સ્વીકારવા નહી. વધુમાં ગ્રાન્ટેડ અભ્યાસક્રમની કોઈ જોડાણ અરજી આવે તો તેને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી. " અન્વયે કોઈ પણ સ્નાતક સ્વનિર્ભર સંસ્થાને યુનિવર્સિટી કાર્યક્ષેત્ર બહાર જોડાણ આપ્યું નથી.

૨. શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯ દરમ્યાન યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક કક્ષાની એમ. એસ. પાઠક હોમિયોપેથીક મેડીકલ કોલેજ, વડોદરાને અનુસ્નાતક M.D. Homoeopathic (P.G.) શરૂ કરવા અંગેની મંજૂરી આપવામાં આવી છે.)

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈન્દુ કોલેજ ઓફ મેડીકલ સાયન્સ, વડોદરાની આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯ – ૨૦૧૦ થી અનુસ્નાતક M.Sc. MICROBIOLOGY (P.G.) શરુ કરવા અંગેની વિનંતી સ્વીકારવી નહી અને પ્રસ્તુત ઓર્ડિનન્સ – ૬૬ અન્વયે સંસ્થાને ફી પરત કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સ્નાતક અનુસ્નાતક કક્ષાના સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે કેન્દ્રસ્થ પ્રવેશ આપવા નીચેના સભ્યોની સમિતિ નિયુકત કરવામાં આવે છે.

(૧) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૨) આ. શ્રી જે. એમ. નાયક (૩) આ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ

**૧૭.** સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક એન્ડ હોસ્પિટલ સુરતના કોલેજ બાબતમાં સિન્ડિકેટ તા.૨૪–૪–૨૦૦૮ ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંક : (૧૧) અને (૧૨) અન્વયે, નિયુકત સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સમિતિના અહેવાલ ઉપર સિન્ડિકેટ, તા.૧૬–૭–૨૦૦૮ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક : (૫૨) અન્વયે, ચાલુ શૈક્ષણિક વર્ષે વિદ્યાર્થીઓ સંસ્થાને ફાળવવા અંગે સંસ્થાએ દર ૩ મહિને પૂર્તતા બાબતે પ્રગતિ અહેવાલ (Progress Report) યુનિવર્સિટીમાં રજૂ કરવાનું ઠરાવતાં, પ્રસ્તુત ઠરાવની જાણ કોલેજને કરતાં, સી.ડી. પચ્ચીગર પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રીશ્રીએ તેમના તા.૧૦/૧૪ –૧૧–૨૦૦૮ના પત્રાંકઃ સી. ડી. પી. સી. એચ. એમ./ એડમી /૨૦૦૮–૨૦૦૯ સાથે મોકલેલ પ્રગતિ અહેવાલ ( Progress Report ) ઉપર વિચારણા કરવા બાબત....

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતમાં સંસ્થાએ રજૂ કરેલ પ્રગતિ અહેવાલ અન્વયે નીચે મુજબની સમિતિની રચના કરવી અને તે કોલેજ દ્વારા મોકલાતા પ્રગતિ અહેવાલ (Progress Report)ને વેરીફાઈ માટે નીચેના સભ્યોની નિયુકિત કરવી.

(૧) ડૉ. ઘનશ્યામભાઈ રાવલ (મા. સિન્ડિકેટ સભ્યશ્રી)

(૨) શ્રી દિનેશભાઈ દાસા (મા. સિન્ડિકેટ સભ્યશ્રી)

(૩) ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ (મા. સેનેટ સભ્યશ્રી)

**૧૮.** ગ્રામ નિર્માણ કેળવણી મંડળ, વાલીયા, જિ. ભરૂચના મંત્રીશ્રી માનસિંહ એચ. માંગરોલાએ તેમના તા. ૭–૧૧–૨૦૮ના પત્રાંક : ૩૫૮ થી સ્વનિર્ભર અનુસ્નાતક MSW અભ્યાસક્રમની અરજી, અરજીફીની રકમ રૂા.૧,૫૦,૦૦૦/– સાથે સાત નકલમાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલી છે. અરજીની ફીની એડહોક રકમ રૂા.૧,૫૦,૦૦૦/– યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાં તા. ૧૦/૧૧/૨૦૦૮ના રોજ રસીદ નં. ૧૮૨૫૫૧થી જમા કરાવી છે.

પોસ્ટ ગ્રેજયુએટનાં અભ્યાસક્રમો માટે (સ્વનિર્ભર સહિત) ફી અંગેના ઓર્ડિનન્સ–૬૬ (૨)(C) માં સ્વનિર્ભર અનુસ્નાતક MSW અભ્યાસક્રમની અરજી ફી, જોડાણ ફી તેમજ અન્ય ફીનો સમાવેશ થતો નથી, માટે ઓર્ડિનન્સ–૬૬ (૨)(C) ના નીચે મુજબના ફોર્મેટ મુજબ સ્વનિર્ભર અનુસ્નાતક MSW અભ્યાસક્રમની વિદ્યાર્થી સંખ્યા,અરજી ફી, જોડાણ ફી તેમજ અન્ય ફી નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

| Sr. No. | Course / Programme | Student Intake (Per Division / Class) | Application Fee | | | Annual affiliation/ Recognition/ Approval Charge Fee(per student) | In case of change in column - **3** minimum fee (payable) | Application fee for **Permanent** affiliation/ Recognition/ Approval |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | For **New** affiliation / Recognition / approval fee Rs. | For **Continuing** affiliation/ approval/ Recognition Rs. | For **Extension of** affiliation/ approval/ Recognition Rs. | | | |
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** | **9** |
| **16** | **M. S. W** | | | | | | | |

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૪૬ સદર કોર્ષ અંગેની જોડાણ ફી નકકી થયેલ છે તે મુજબ સંસ્થાને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહું સંસ્થા માટે એલ. આઈ. સી. **(L.I.C.)** નિમવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

**૧૯.** યુનિવર્સિટી સંલગ્ન (સ્વનિર્ભર અને અને અનુદાન પત્ર) નું ચાલુ જોડાણ જૂન–૨૦૦૯ માં પુરૂ થતું હોય, શૈક્ષણિક વર્ષ : ૦૯ – ૧૦ માટે/થી સ્નાતક કક્ષાએ નવો સ્વનિર્ભર/ગ્રાન્ટ–ઈન–એઈડ ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવા તેમજ સંલગ્ન સંસ્થાઓ દ્વારા ચાલુ/વધારાનું/કાયમી જોડાણ મેળવવા માટે આ સાથે સામેલ યાદી મુજબની સંસ્થા/કોલેજ તરફથી, યુનિવર્સિટી કાર્યાલયએ નિયત કરેલ પત્રકમાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ/મળનાર જોડાણઅરજીનાં અનુસંધાને સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક માટે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૦૯ – ૧૦ માટે/થી સ્નાતક કક્ષાએ નવો સ્વનિર્ભર/ગ્રાન્ટ–ઈન–એઈડ ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવા તેમજ સંલગ્ન સંસ્થાઓ દ્વારા ચાલુ/વધારાનું/કાયમી જોડાણ મેળવવા માટે કાર્યાલયને મળેલ અરજી બાબતે સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

**૨૦.** સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોમાં સ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાએ ફી નું માળખું નકકી કરવા સિન્ડિકેટે તેની તા. ૧૬–૦૭–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૦ અન્વયે મા. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નીમેલ સમિતિએ તેની તા.૨૭–૧૧–૦૮ ની સભામાં નકકી કરેલ નીચે મુજબના ફી ના ધોરણો પર વિચારણા કરવા બાબત.

**Table No. - 1**

**F.Y., S.Y., T.Y. B.A., B.COM.,** માટે નીચે મુજબના ફી ના ધોરણો નકકી કરવામાં આવ્યા.

| Sr. No. | Head | Fee Rupees (Per Year) |
|---|---|---|
| 1 | Tuition fee | 6000 |
| 2 | Books, Equipment, etc.. | 1000 |
| 3 | Aminites | 300 |
| 4 | Exam fee | 120 |
| 5 | Campus Dev. | 160 |
| 6 | Enrolment fee (One Time) | 30 |
| 7 | Students Welfare | 300 |
| 8 | I Card (One Time) | 30 |
| 9 | Uni. Dev. Fee<br>Sports Dev. | 100<br>40 |
| 10 | Admission Fee (One Time) | 50 |
| 11 | SRC Sports Fee | 200 |
| 12 | College Deposit (Refundable) (One Time) | 100 |
| 13 | Library Deposit (Refundable) (One Time) | 100 |
| | **Total** | **8530** |

Table No. - 2

**F.Y., S.Y., T.Y., B.B.A., B.S.W.** માટે નીચે મુજબના ફી ના ધોરણો નકકી કરવામાં આવ્યા.

| Sr. No. | Head | Fee Rupees (Per Year) |
|---|---|---|
| 1 | Tuition fee | 16000(8000Per Sem.) |
| 2 | Books, Equipment, etc.. | 1000 |
| 3 | Aminites | 300 |
| 4 | Exam fee | 120 |
| 5 | Campus Dev. | 160 |
| 6 | Enrolment fee (One Time) | 30 |
| 7 | Students Welfare | 300 |
| 8 | I Card (One Time) | 30 |
| 9 | Uni. Dev. Fee<br>Sports Dev. | 100<br>40 |
| 10 | Admission Fee (One Time) | 50 |
| 11 | SRC Sports Fee | 200 |
| 12 | College Deposit (Refundable) (One Time) | 100 |
| 13 | Library Deposit (Refundable) (One Time) | 100 |
| | **Total** | **18530** |

**Table No. - 3**
**F.Y., S.Y., T.Y., B.C.A.,** માટે નીચે મુજબના ફી ના ધોરણો નક્કી કરવામાં આવ્યા.

| Sr. No. | Head | Fee Rupees (Per Year) |
|---|---|---|
| 1 | Tuition fee | 20000(10000Per Sem.) |
| 2 | Books, Equipment, etc.. | 1000 |
| 3 | Aminites | 300 |
| 4 | Exam fee | 120 |
| 5 | Campus Dev. | 160 |
| 6 | Enrolment fee (One Time) | 30 |
| 7 | Students Welfare | 300 |
| 8 | I Card (One Time) | 30 |
| 9 | Uni. Dev. Fee<br>Sports Dev. | 100<br>40 |
| 10 | Admission Fee (One Time) | 50 |
| 11 | SRC Sports Fee | 200 |
| 12 | College Deposit (Refundable) (One Time) | 100 |
| 13 | Library Deposit (Refundable) (One Time) | 100 |
| | **Total** | **22530** |

Table No. - 4

**F.Y., S.Y., T.Y., B.Sc., B.Sc. (Microbiology), B.Sc. (Computer Science), B.Sc. (Medical Technology), B.Sc. (Industrial Chemistry), B.Sc. (Chemistry)** માટે નીચે મુજબના ફી ના ધોરણો નક્કી કરવામાં આવ્યા.

| Sr. No. | Head | Fee Rupees (Per Year) |
|---|---|---|
| 1 | Tuition fee | 16000 |
| 2 | Books, Equipment, etc.. | 1000 |
| 3 | Aminites | 300 |
| 4 | Exam fee | 120 |
| 5 | Campus Dev. | 160 |
| 6 | Enrolment fee (One Time) | 30 |
| 7 | Students Welfare | 300 |
| 8 | I Card (One Time) | 30 |
| 9 | Uni. Dev. Fee<br>Sports Dev. | 100<br>40 |
| 10 | Admission Fee (One Time) | 50 |
| 11 | SRC Sports Fee | 200 |
| 12 | College Deposit (Refundable) (One Time) | 100 |
| 13 | Library Deposit (Refundable) (One Time) | 100 |
| | **Total** | **18530** |

ઉપરોકત ટેબલ નં. ૧, ૨, ૩ અને ૪ મુજબના વર્ગોમાં યુનિવર્સિટી માન્ય અભ્યાસક્રમ અમલમાં હોય અને તે માટે કોમ્પ્યુટર લેબોરેટરી અથવા અન્ય લેબોરેટરીની સવલત કરવામાં આવેલી હોઈ તો વાર્ષિક રૂા.૧૫૦૦/– વધારાની ફી તરીકે સંસ્થા લઈ શકશે.

આચાર્ય તથા શૈક્ષણિક સ્ટાફ (યુનિવર્સિટી માન્ય) અને વહીવટી સ્ટાફ મહેકમ મુજબ પ્રવર્તમાન પગાર ધોરણમાં નિમવાની શરતે આ ફી બે સત્રમાં ઉઘરાવવાની રહેશે અને જે તે હેતુ માટે જ આચાર્યની સહીથી વાપરવાની રહેશે ઉપરાંત અન્ય શરતોનું પરિપાલન કરવાની શરતે ઉપરોકત સુધારેલ ફી માળખાનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી કરવાનો રહેશે.

ઉપરોકત ફીના ધોરણો નીચેની શરતોને આધીન રહી નકકી કરવામાં આવ્યા છે.

૧. સ્ટુડન્ટ યુનિયન ફીના ભંડોળમાંથી <u>૫૦ ટકા</u> રકમ રમતગમત માટે ફાળવણી કરવી અને બાકીની રકમનો ઉપયોગ ઈતર પ્રવૃત્તિમાં સ્ટુડન્ટ કાઉન્સિલના બંધારણ મુજબ કરવો.

૨. ઉપરોકત <u>એલાઈડ ફીનો</u> ઉપયોગ આચાર્યોએ કોલેજોમાં નીચેના હેતુ માટે કરવો.

- કોલેજના બિલ્ડીગમાં પંખા–ટયુબલાઈટ જેવી અન્ય સુવિદ્યાઓ તેમજ ચાલુ લાઈટ ફીટીગનું રિપેરીગ, પંખાનું રિપેરીગ, ટયુબલાઈટ, બલ્બ તથા ઈલેકટ્રીકના પાર્ટસ બદલવા તથા તેના લેબર ખર્ચ માટે.
- કોલેજના બિલ્ડીગમાં વોટર સપ્લાય તથા સંડાસ, બાથરૂમ, ગાર્ડન, સ્પોર્ટસ ગ્રાઉન્ડની પાઈપ લાઈનનું પ્લમ્બીગ કામ તથા ટાંકીનું રિપેરીગ કામ, મોટર સપ્લાયના ઉપયોગમાં આવતી ઈલેકટ્રીક મોટર અથવા એ અંગેના અન્ય સાધનોના મરામત તથા પાર્ટસ બદલવા માટે.
- વોટરકુલર, એરકુલર, એરકન્ડીશનર, કોમ્પ્યુટર, અન્ય ઈલેકટ્રીક તથા ઈલેકટ્રોનિક સાધનોનો મરામત તથા જાળવણીના ખર્ચ માટે.
- વર્ગખંડો, કાર્યાલયના ફર્નિચર અને મરામતના ખર્ચની જાળવણી માટે.
- વિજ્ઞાન વિદ્યાશાખામાં વિવિધ વિષયોની અલગ–અલગ લેબોરેટરીના મરામત માટે.

૩. યુનિવર્સિટી ધ્વારા નકકી થયેલ ઉપરોકત ફી સિવાય અન્ય કોઈપણ પ્રકારની ફી સંસ્થા વિદ્યાર્થીઓ પાસે લઈ શકશે નહી.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી વિનયન, વાણિજય અને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોમાં સ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાએ ફી નું માળખું નકકી કરવા સિન્ડિકેટે તેની તા. ૧૬–૦૭–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૦ અન્વયે મા. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નીમેલ સમિતિએ તેની તા. ૨૭ – ૧૧ – ૦૮ ની સભામાં નકકી કરેલ ઉપર મુજબના તમામ ફી ના ધોરણોમાં ટેબલ નં. ૧, ૨, ૩, ૪માં દર્શાવેલ એનરોલમેન્ટ ફી (એક ટાઈમ) ૩૦ ને બદલે ૫૦ અને એડમીશન ફી (એક ટાઈમ) ૫૦ ને બદલે ૩૦ કરવી અને બાકીની ફી યથાવત મંજૂર કરવી.

**૨૧.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના જીવ વિજ્ઞાનના અનુસ્નાતક વિભાગના પ્રાધ્યાપકો અને વડાશ્રી તથા ડીનશ્રી, સી. ડી. સી. ડૉ. પી. કે. હીરાધર યુનિવર્સિટીના એક હોદ્દા પરથી યુનિવર્સિટીમાં જ બીજા હોદ્દા પર સેવા આપેલ હોય તો નોટીસ પીરીયડનો પગાર અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ડૉ. પી. કે. હીરાધરે યુનિવર્સિટીના એક હોદ્દા પરથી યુનિવર્સિટીમાં જ બીજા હોદ્દા પર સેવા આપેલ હોય તે નોટીસ પીરીયડનો પગાર વેવ કરવો.

**૨૨.** M.D. (Anesthesiology) ની પરીક્ષામાં " સ્વર્ગસ્થ શ્રીમતી પ્રેમિલાબેન ધીરૂભાઈ દેસાઈ " સુવર્ણ ચંદ્રક હવે પછીના વર્ષ માટે એનાયત કરવા દાતાશ્રી તરફથી ભલામણ કરવામાં આવેલ નવી શરતો પૈકીની શરત નંબર – ૩ પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, M.D. (Anesthesiology) ની પરીક્ષામાં " સ્વર્ગસ્થ શ્રીમતી પ્રેમિલાબેન ધીરૂભાઈ દેસાઈ " સુવર્ણ ચંદ્રક હવે પછીના વર્ષ માટે એનાયત કરવા દાતાશ્રી તરફથી ભલામણ કરવામાં આવેલ નવી શરતો પૈકીની **પરિશિષ્ટ : " ઘ "**માં દર્શાવેલ શરત નંબર – ૩ નો સ્વીકાર કરવો નહી.

**(પરિશિષ્ટઃ " ઘ " )**

**૨૩. મા. કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

**૨૩.૧.** યુનિવર્સિટીમાં સને ૨૦૦૮–૦૯ માં નવા અભ્યાસક્રમ શરૂ કરવા માટે, આ સાથે સામેલ સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ) ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કવટ/ યુનિ./ચાબા/ ૨૦૦૮/૨૦૭૫૫–૬૫ થી બાયોસાયન્સ ડીપાર્ટમેન્ટમાં Post Graduate Diploma course on Genetic Engineering શરૂ કરવા માટે રૂા. ૩૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે. હાલમાં તેમણે, રૂા. ૧૨.૨૫ લાખ–૧ વર્ષની મુદત માટે ચૂકવણી કરેલ છે, અને આપેલ શરતોનું પાલન કરવા જણાવેલ છે, જેની નોંધ લેવા બાબત.

(યુજીસી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨૩.૨.** પી.જી. મેડીકલ એન્ટ્રન્સ ટેસ્ટ–૨૦૦૯ ની પરીક્ષા સંબધિત આનુષાંગિક બાબતો પર ચર્ચા / વિચારણા કરવા મા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ સમિતિની ભલામણ ક્રમાંક : (૪) અન્વયે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એમસીજી–૧૦૦૪–૬૫૦–જ, તા.૧૭/ ૦૬/૨૦૦૮ અન્વયે સરકારી સેવામાં ફરજ બજાવતા વર્ગ–૨ ના તબીબી અધિકારીઓ (ઈન સર્વિસ ડોકટર્સ) માટે ડીગ્રી / ડિપ્લોમા અનુસ્નાતક અભ્યાસક્રમમાં બેઠકો અનામત રાખવા હાલના પ્રવર્તમાન નિયમોમાં સુધારો કરવા અંગે.

(અનુસ્નાતક)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨૩.૩.** તા. ૬/ ૧૧/૨૦૦૮ ના રોજ તબીબી વિદ્યાશાખાની સભામાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવવા અંગેના હાલના પ્રવર્તમાન નિયમો પૈકી ૪.૪ માં જરૂરી સુધારા–વધારા કરવા માટે મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રીને મેડીકલ ફેકલ્ટી વતી અધિકૃત કરવામાં આવેલ હતા, તે જોતાં મેડીકલ ફેકલ્ટીનાં ડીનશ્રીએ સદર બાબતે નીચે મુજબની ભલામણ કરેલ છે.

4.4 (a) If, further any vacancy remains thereafter for the seats of self finance medical college, the admission will be offered to medical officer of the organizations as per rule of the said organization. (for 4.4 and 4.4 (a) 1.9, 1.10 & 1.11 are not applicable)

સદરહૂ ફેકલ્ટીના ડીનની ઉપરોકત ભલામણને હાલના પ્રવર્તમાન નિયમોમાં સુધારો કરવા અંગે.

(અનુસ્નાતક)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨૩.૪.** વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા અગિયારમી પંચવર્ષિય યોજના માટે ત્રીજા હપ્તા તરીકે રૂા.૨,૫૭,૪૦,૦૦૦/– (રૂા. બે કરોડ, સત્તાવન લાખ, ચાળીસ હજાર) General Plan Development Assistant Scheme during XIth Plan Period હેઠળ આર્થિક સહાય, ૩૧મી માર્ચ ૨૦૦૯ માટે મંજૂર કર્યા અંગે જાણ કરતાં UGC પત્ર ક્રમાંક : No. F. 30 - 2/ 2007(SU - I) 18th December, 2008 ની જાણ થવા સારૂં.....

(યુ. જી. સી.)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨૩.૫.** ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ, જાહેરનામું, સચિવાલય, ગાંધીનગર ૩જી નવેમ્બર, ૨૦૦૮ ના ક્રમાંક : ગસ–૨૦૦૮–૧૫–જસર–૧૦૨૦૦૮–૧૪૨૮–ઘ, ના પત્રમાં સને–૨૦૦૯ ના વર્ષ દરમ્યાન સામાન્ય રજા તરીકે તેમજ માન્ય કરેલી મરજીયાત રજાઓ જાહેર કરી છે. પ્રસ્તુત જાહેર રજાઓ અને મરજીયાત રજાઓ યુનિવર્સિટીના કર્મચારીઓને લાગુ પાડવા અંગેના મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત..

(**નોંધ :** સને–૨૦૦૯ ના વર્ષ માટે ગુજરાત સરકારે જાહેર કરેલ જાહેર રજાઓ તથા ધાર્મિક સંપ્રદાયના બાધ વિના પ્રાપ્ય મરજીયાત રજાઓની યાદી બિડાણ તરીકે આ સાથે સામેલ છે.)

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨૩.૬.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં યુ.જી.સી. ન્યુ દિલ્હી દ્વારા ગ્રાંટ–ઈન–એઈડ હેઠળ Establishment of Centre for study of " Social Exclusion and inclusive policy " વિષયક એક સેન્ટર શરૂ કરવા પત્રાંકઃ F.3-5/2008 (SCT) તા. ૨૬ – ૩ – ૨૦૦૮ થી મંજૂરી મળતા, સદર સેન્ટર માટે તા.૧૧–૮–૨૦૦૮ ના રોજ મળેલ એડવાઈઝરી કમિટીની ભલામણો મુજબ, તા.૧૯–૯–૨૦૦૮ ના રોજ વર્તમાનપત્રોમાં Non- Teaching positions માટે Open Interview ની જાહેરાત આપવામાં આવી હતી. જે જાહેરાત સબબ (૧) રીસર્ચ આસિસ્ટન્ટની ૦૨ જગા, (૨) પ્રોફેશનલ આસિસ્ટન્ટ (ક્લેરીકલ કેડર) ની ૦૧ જગા, (૩) લાયબ્રેરી એટેન્ડન્ટની ૦૧ જગા અને (૪) પટાવાળાની ૦૧ જગા પર ૧૧ મા પ્લાન અંતર્ગત તા.૩૧–૩–૨૦૧૩ સુધી ૦૫ વર્ષીય કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે નિમણૂંક કરવા પસંદગી સમિતીની તા.૩૦–૯–૨૦૦૮ ની નીચે જણાવેલ જગ્યા પર કરેલ ભલામણો અંતર્ગત જે તે જગા પર નિમણૂંક આપવાના માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

| NO. | POSITION | NO.OF POSTS | PERSON TO BE APPOINTED |
|---|---|---|---|
| 1. | Research Assistant | 02 | Shri. Subhanker Basudeb Basu<br>Shri. Mahendra Gebubhai Vasava |
| 2. | Professional Assistant (Clerical Cadre) | 01 | Mrs. Purvi Sunilkumar Vashi |
| 3. | Library Attendant | 01 | Mrs. Krupa M. Shukla |
| 4. | Peon | 01 | Shri. Kalpesh Vinodbhai Patel |

**(નોંધ :** (૧) સભાની ભલામણો સિન્ડિકેટની સભાના દિવસે રજૂ કરવામાં આવશે.

(૨) સિન્ડિકેટની મંજૂરી મળ્યેની શરતે ઉપરોક્ત જગાઓ માટે શરતી નિમણૂંક પત્ર પાઠવેલ છે.**)**

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા.કુલપતિશ્રીના સિન્ડિકેટની મંજૂરી મળવાની શરતે ઉપરોક્ત જગ્યાઓ માટે આપેલ શરતી નિમણુંકના પગલાંને બહુમતીએ બહાલી આપવામાં આવે છે અને ઉપરોક્ત કર્મચારીઓને ફાઈનલ ઓર્ડર આપી વિભાગમાં હાજર કરવાની સૂચના વિભાગના વડાને આપવી.

**૨૩.૭.** યુનિવર્સિટીનાં આંકડાશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે પસંદગી પામી તા. ૨૧ – ૧ – ૨૦૦૯ના રોજ ડૉ. રમણભાઈ ડી. પટેલ હાજર થયા હોય જે સબબ સ્ટેટ્યુટ – ૨૯૩ અંતર્ગત તે વિભાગના વડાશ્રી તરીકે નિમણૂંક આપવા અંગે માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત....

**( નોંધ :** આંકડાશાસ્ત્ર વિભાગમાં ફક્ત એક જ રીડર તરીકે ફરજ બજાવતાં ડૉ. આરતીબેન રાજયાગુરૂને ઓફીસીયેટીગ હેડ તરીકે વિભાગ ચલાવવા અગાઉ નિમણૂંક આપવામાં આવી હતી.**)**

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨૪.** અનુસ્નાતક સ્વનિર્ભર/ હાયર પેમેન્ટ ફી રીફંડ માટેના નિયમમાં સુધારા અર્થે મા.કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા.૧૦ – ૧ – ૨૦૦૮ ના રોજ મળેલ સભાની કાર્યવાહી (અહેવાલ) ઉપર સિન્ડિકેટે તેની તા.૨૧– ૨– ૦૮ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૧૪) અન્વયે, વિચારણા કરી (૧) આ.ડૉ. ભાસ્કરભાઈ રાવલ (કન્વીનર) (૨) શ્રી મયુરભાઈ ચૌહાણ (૩) શ્રી આર.સી. ખડીયાની કમીટી પર નિમણૂંક કરી આગળની કાર્યવાહી માટે મા.કુલપતિશ્રીને સત્તા આપી હોઈ, અત્રેના તા.૧૯–૩– ૨૦૦૮ ના પત્રથી ઉપરોકત સભ્યોને સમિતિ પર નિમણૂંક આપી હતી. સમિતિના સભ્યોએ તા.૨૧–૧૧– ૨૦૦૮ ના રોજ ફેક્ષથી મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ :**

૧. સમિતિના સભ્યોનો અહેવાલ લાંબા સમય સુધી યુનિવર્સિટી કાર્યાલયને મળ્યો ન હોઈ, આદેશાનુસાર અત્રેના તા.૯– ૯ – ૨૦૦૮ ના પરિપત્રાંક : પી.જી./હાયર પેમેન્ટ ફી પરત/સ્વનિર્ભર/૯૭૬૯/૨૦૦૮ થી, યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમ/હાયર પેમેન્ટ સીટ પર પ્રવેશ મેળવ્યા બાદ, કોઈ કારણસર પ્રવેશ રદ કરાવે અથવા યુનિવર્સિટીના અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે અથવા છોડી જાય તેવાં સંજોગોમાં અથવા એક સંસ્થામાંથી બીજી કે તે જ સંસ્થામાં હાયર ફી માંથી લોઅર ફી માં તેમનો પ્રવેશ તબદીલ થતો હોય ત્યારે વિદ્યાર્થીઓએ જમા કરાવેલ ફી (સ્વનિર્ભર/હાયર પેમેન્ટ) ની રકમ પરત મેળવવા અરજી કરતા હોય છે. આવા પ્રકારની જે તે સ્વનિર્ભર/હાયર પેમેન્ટ ફી અનુસ્નાતક અભ્યાસક્રમોની ફી પરત કરવા અંગેની સમગ્ર કાર્યવાહી શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮– ૨૦૦૯ થી પ્રસ્તુત નિયમમાં બીજો સુધારો અમલમાં ન આવે ત્યાં સુધી કાર્યાલય દ્વારા પરિપત્રિત થયેલ પરિપત્ર : પી.જી./સ્વનિર્ભર કોર્સ/૨/૨૦૦૧, તા.૦૧–૦૧–૨૦૦૧ માં જણાવ્યાનુસાર નિયમોનો અમલ થાય તે રીતે, જે તે ડિપાર્ટમેન્ટ દ્વારા જ ડિપાર્ટમેન્ટના વડાશ્રી/ કો – ઓર્ડિનેટરશ્રીના નેજા હેઠળ કરવામાં આવે તે અંગેની જાણ યુનિવર્સિટી કેમ્પસ ખાતેનાં તમામ ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીઓને કરી છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે સમિતિનો અહેવાલ **પરિશિષ્ટઃ " ચ "** માં દર્શાવ્યા મુજબ ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજો માટે (યુ. જી. તેમજ પી. જી.)ની ભલામણ ક્રમાંક : (૧), (૨) અને (૩) મંજૂર કરવી અને હાયર પેમેન્ટ/ સ્વનિર્ભર વિભાગો / કોલેજો માટે ( યુ.જી. તેમજ પી.જી)ની ભલામણ ક્રમાંક : (૧), (૪), (૫), (૬), (૭), (૮) અને (૯) મંજૂર કરવી અને ભલામણ ક્રમાંક :

(૨) અને (૩) નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

(૨) જો કોઈ વિદ્યાર્થી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યાના દિન ૬૦ બાદ પ્રવેશ રદ કરાવે તો કોઈપણ પ્રકારની ફી પરત થશે નહી. મૂળ સીટ ખાલી રહે તો પણ.

(૩) જો વિદ્યાર્થી એક જ સંસ્થા/ વિભાગમાં ચાલતા અન્ય અભ્યાસક્રમમાં તબદીલી (Transfer) મેળવે તો પુરેપુરી ફી તબદીલ કરી આપવાની રહેશે.

(પરિશિષ્ટઃ " ચ ")

**૨૫.** સંલગ્ન બી.એડ્. કોલેજના આચાર્યની નિમણૂંક માટે N.C.T.E. ની પ્રવર્તમાન જોગવાઈ નીચે મુજબ છે.

**(i) Principal/Head (in multi-faculty institution) :-**

(a) Academic and professional qualification will be as prescribed for the post of lecturer, and

(b) Five years experience of teaching in a Secondary Level Teacher Training, Institution.

Note:- In the event of non- availability of eligible and suitable candidates for appointment as principal/Head as per above eligibility criteria, it would be permissible to appoint retied professor/Head in Education on contract basis for a period not exceeding one year at a time till such time the candidates complete 65 years of age.

**(ii) Lecturer: -**

Master's Degree with M.Ed.

OR

Master's Degree with B.Ed. (having 55% marks)

Note: -

આ જોગવાઈ અમલ કરવામાં આવે તો સ્વનિર્ભર અને ગ્રાન્ટ ઈન એઈડ બી.એડ્. કોલેજોમાં આચાર્યની નિમણૂંક અંગે લાયક ઉમેદવારો સરળતાથી મળી શકે. પ્રસ્તુત જોગવાઈનો અમલ અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધ :** હાલ જે નિયમોમાં જોગવાઈ છે તે પ્રમાણે ૧૦ વર્ષ નો અનુભવ જરૂરી છે.**)**

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડીનશ્રીને એન. સી. ટી. ઈ. (N. C. T. E.)પાસેથી વિગતો મંગાવી અહેવાલ રજૂ કરવા જણાવવું.

**૨૬.** સને ૨૦૦૮–૦૯ નાં શૈક્ષણિક વર્ષ માટે પીએચ.ડી અને એમ.ફીલ. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

સને ૨૦૦૭–૦૮ નાં શૈક્ષણિક વર્ષની પ્રસ્તુત સમિતિ પર નીચેનાં સભ્યો હતાં.

(૧) આ. ડૉ. યુ. ટી. દેસાઈ
(૨) ડૉ. શશીકાંત શાહ
(૩) ડૉ. વિક્રમ બી. દેસાઈ
(૪) ડૉ. કે. સી. પટેલ
(૫) ડૉ. વિપુલ સોમાણી
(૬) ડૉ. સગુના પાથી
(૭) ડૉ. ઈશ્વરભાઈ બી. પટેલ (ફિઝીક્સ)
(૮) ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્ય)

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૮–૦૯ નાં શૈક્ષણિક વર્ષ માટે પીએચ.ડી અને એમ.ફીલ. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની સમિતિની

પુર્નરચના કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૨૭.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડૉ. સુભ્રદ્રા રાઘોથામનના તા.૧૭–૯–૨૦૦૮ ના પત્રથી તેઓએ (૧) ડૉ. એ. એસ. ચારણ અને (૨) ડૉ. પી. કે. ભટ્ટની રાજય સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ કવટ/વ.૧/(૧)/૦૮/૭૮૮૬–૮૨૮૪, તા.૧૦–૬–૨૦૦૮ થી કરેલ ઠરાવ મુજબ રાજયની યુનિવર્સિટીઓ સરકારી કોલેજો તથા બિન–સરકારી અનુદાનિત કોલેજોમાં શૈક્ષણિક જગાઓ પર નિવૃત્ત અધ્યાપકોને નિવૃત્તી બાદ કરાર આધારિત નિમણૂંક આપવા ઠરાવેલ છે, જેના સંદર્ભે પુનઃ નિમણૂંક કરવા જરૂરી માહિતી અને ફોર્મ ભરી અરજીઓ રવાના કરેલ જેના અનુસંધાનમાં નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક કરવા જરૂરી કરાર કરવા તથા તે અંગે જરૂરી નિતિનિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ :** અન્ય વિભાગો આવા કિસ્સામાં ભવિષ્યમાં અરજ કરવામાં આવે તો તે અંગે પણ વિચારવાનું રહે.)

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક કરવા જરૂરી કરાર કરવા તથા તે અંગે જરૂરી નિતિનિયમો ઘડવા અંગે ૩ આચાર્ય અને ૩ હેડની સમિતિની રચના કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવી.

**૨૮.** પરીક્ષા વિભાગમાં પરીક્ષાની સમયમર્યાદાની કામગીરીને પહોંચી વળવા કર્મચારીઓ રવિવારે તેમજ જાહેર રજાના દિવસોમાં કામગીરી બજાવતા હોવાથી તેઓના ખાતે જમા થયેલ રજાઓ તેમજ સી.એલ. પણ ભોગવી શકતા ન હોવાથી સદર રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને સ્થાયી સમિતિ (સ્ટાફ સ્ટેન્ડીગ કમિટિ)માં મૂકવી.

**૨૯.** સિન્ડિકેટે તેની તા. ૧૬ – ૭ – ૨૦૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક – ૧૪થી " વિગતવાર નોંધ આગામી સિન્ડિકેટમાં પુનઃ રજૂ કરવા ઠરાવેલ છે " પ્રસ્તુત બાબતે પરીક્ષા વિભાગની નોંધ નીચે મુજબ છે તે અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી દ્વારા એપ્રિલ – ૨૦૦૬માં લેવાયેલ એમ. બી. એ. ત્રીજા સેમેસ્ટરના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના વિદ્યાર્થી કુરાપતિ શ્રીનિવાસ નરસિંહ રાવની તારીખ : ૧૮ – ૧૦ – ૨૦૦૭ની અરજી અવલોકનાર્થે સાદર કરેલ છે.

એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૩ – ૦૨ – ૨૦૦૬ના ઠરાવ નં. ૫૬થી એમ. બી. એ(ફુલ ટાઈમ) અને (ઈવનીગ) અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને એપ્રિલ – ૨૦૦૬માં જૂના કોર્ષ પ્રમાણે પરીક્ષાની આપવાની છૂટ આપવામાં આવી હતી.

પરંતુ એપ્રિલ – ૨૦૦૬ના એમ. બી. એ. ત્રીજા સેમેસ્ટરના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ, સુરતના વિદ્યાર્થી કુરાપતિ શ્રીનિવાસ નરસિંહરાવ તેમણે સને ૧૯૯૬–૯૭માં એમ. બી.એ.માં રજીસ્ટ્રેશન કરાવેલ છે અને પોસ્ટ ગ્રેજયુએટના નિયામાનુસાર પાંચ વર્ષમાં તમામ પરીક્ષા પાસ કરવાની હોય છે. પરંતુ સદર વિદ્યાર્થીની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં શરતચૂકથી એપ્રિલ – ૨૦૦૬માં સદર વિદ્યાર્થીને ડિપાર્ટમેન્ટે પરીક્ષામાં બેસવા દીધા હતા તેવા સંજોગોમાં સદર વિદ્યાર્થીના ડિસેમ્બર – ૧૯૯૮ના એમ. બી. એ.પાંચમાં સેમેસ્ટરના બેઠક ક્રમાંક – ૧ અને માર્ચ – ૧૯૯૯ના એમ. બી. એ. છઠ્ઠા સેમેસ્ટરના બેઠક ક્રમાંક :– ૩નું પરિણામ અટકાવેલ છે. સદર વિદ્યાર્થીના કિસ્સામાં પાંચ વર્ષની મુદૃતની પૂરી થતી હોય તેવા સંજોગોમાં અટકાવેલ પરિણામો જાહેર કરવા રદ કરવું ?

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબની સમિતિની રચના કરવી અને પરિણામ જાહેર કરવું નહી.

**((૨૬))**

(૧) ડૉ. શશીકાંતભાઈ શાહ (૨) ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ (ડી. બી. આઈ. એમ.)

**૩૦.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ વિભાગો માટે નવા ૨૮૨ ડેસ્કટોપ કોમ્પ્યુટર (૧૪૫ જુના કોમ્પ્યુટરનાં બદલામાં) ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

(એમ.એસસી.આઈ.ટી.)

**<u>નાણાં સમિતિની તા. ૩૧ – ૧૨ – ૨૦૦૮ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨</u>**

આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગો માટે નવા ૨૮૨ ડેસ્કટોપ કમ્પ્યુટર (૧૪૫ જુના કોમ્પ્યુટરનાં બદલામાં) ખરીદવા માટે તુલનાત્મક પત્રકમાં જણાવેલ પાર્ટી નં – ૩ (લોએસ્ટ – ૧) અને પાર્ટી નં. – ૪ (લોએસ્ટ – ૨) ને રૂબરૂ વારા ફરતી બોલાવી, માન. કુલપતિશ્રી અને દિપકભાઈ આફ્રિકાવાલા સાથે તા. ૫ – ૧ – ૨૦૦૯ના રોજ અનુક્રમે બપોરે ૧૨ = ૩૦ કલાકે પાર્ટી નં. – ૪ (લોએસ્ટ – ૨) અને બપોરે ૧ = ૩૦ કલાકે પાર્ટી નં – ૩ (લોએસ્ટ – ૧)ને ટેલીફોન દ્વારા જણાવી નેગોશીએશન માટે બોલાવવા અને ત્યાર બાદ સદરહું બાબત સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.

**<u>નાણાં સમિતીની સભા બુધવાર તા. ૩૧ – ૧૨ – ૦૮નાં રોજ ૧૧ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના માન. કુલપતિશ્રીની ચેમ્બરમાં રાખવામાં આવી હતી જેની બાબત ક્રમાંક : ૨ ઉપર ઠરાવ્યા મુજબ નેગોશીએશન જોગ.</u>**

નાણા સમિતિની તા. ૩૧/ ૧૨ / ૨૦૦૮ની સભાના ઠરાવ ક્રમાંક – ૨ મુજબ પાટી– ૩ (લોએસ્ટ – ૧) તથા પાર્ટી નં. – ૪ (લોએસ્ટ – ૨) ને તા. ૫/ ૧ / ૨૦૦૯ના રોજ નેગોશીયેશન માટે મા. કુલપતિશ્રી, કુલસચિવશ્રી અને શ્રી દિપકભાઈ આફ્રીકાવાલા સમક્ષ પાર્ટીઓને રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા, બન્ને પાર્ટીઓએ નેગોશીયેશન કરી બંધ કવરમાં પોતપોતાના ભાવો લખી જણાવવા કહયું હતું પાર્ટીઓએ બંધ કવરમાં પોત – પોતાના પૂન : સુધારેલા ભાવો આપેલ જે ખોલીને રજૂ કરતા પાર્ટી નં. – ૩ના (લોએસ્ટ – ૧) મે. .નોવેટીવ ટેલીકોમ, સુરતના પુનઃ સુધારેલા ભાવો સૌથી ઓછા હોય તેમને ઓર્ડર આપવા સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે જે મંજુરી અર્થે સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ વિભાગો માટે નવા ૨૮૨ ડેસ્કટોપ કોમ્પ્યુટર (૧૪૫ જુના કોમ્પ્યુટરનાં બદલામાં) ખરીદવા માટેની નાણાં સમિતિની ઉપરોકત ભલામણ યથાવત મંજૂર કરવી.

**૩૧.** યુનિવર્સિટી સંલગ્ન અગ્રવાલ આર્ટ્સ એન્ડ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીમાં શૈ.વ. ૨૦૦૮–૨૦૦૯ માં પ્રથમ વર્ષ બી.એ. માં કોઈ વિદ્યાર્થીએ પ્રવેશ લીધેલ નથી. અને એસ.વાય.બી.એ. માં ફકત ૦૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અને તેઓને ટી.વાય.બી.એ. નો અભ્યાસક્રમ પૂરો કરવામાં આવશે. આગામી શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓની પૂરતી સંખ્યાના અભાવે એફ.વાય.બી.એ. અને એસ.વાય.બી.એ. ના વર્ગમાં પ્રવેશ ન ફાળવવા અંગે અગ્રવાલ એજયુકેશન ફાઉન્ડેશન, નવસારીના મંત્રીશ્રીએ તેમના તા. ૨૭ – ૧૧ – ૨૦૦૮ ના પત્રાંકઃ એસએસએ/નવે./૦૮–૦૯/૩૩૮ ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ :** ઉપરોકત પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ટ્રસ્ટની કોલેજ બંધ કરવાનાં નોર્મ્સ બનાવવા માટે સઘળા પાસાનો

અધ્યયન કરવા માટે સદર સમિતિને સોંપવું અને ફાઈનલ થયા બાદ સિન્ડિકેટ સમક્ષ રજુ કરવું.

**૩૨.** શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦માં બી.એડ.માં પ્રવેશ માટે ડૉ. એન. ડી. પટેલે બી.એડ.ની પ્રવેશ પ્રક્રિયા સરળતા પૂર્વક થાય તે માટે નીચે નોંધમાં દશાવેલ ૧ થી ૫ સૂચનો અને ફેરફારો પર વિચારણા કરવા બાબત.

**<u>નોંધ :–</u>** બી.એડ.ની પ્રવેશ પ્રક્રિયા લગભગ અગિયાર માસ જેટલી લાંબી ચાલે છે હવેથી પ્રવેશો ન્યાયી ધોરણે અને સમયસર પૂરા થાય તે માટેનાં સૂચનો અને ફેરફારો.

(૧) નવું પ્રથમ સત્ર શરૂ થાય તે પહેલા પ્રવેશો પૂર્ણ થઈ જાય તે માટે પ્રવેશ પ્રક્રિયા જલ્દીથી હાથ ધરવામાં આવે. આ માટે પ્રવેશ ફોર્મ જાન્યુઆરી માસમાં ભરાઈ જવા જોઈએ તેથી ડિસેમ્બર માસમાં સમિતિની રચના યુનિવર્સિટીએ કરીને ફોર્મ વેચાણનું કાર્ય હાથ ધરી દેવું જોઈએ.

(૨) આપણી યુનિવર્સિટીમાં પ્રવેશો માટે સ્નાતક કક્ષાએ ૪૫ ટકા નું ધોરણ અપનાવામાં આવેલું છે. એસ.સી. અને એસ.ટી. ઉમેદવારો માટે ૫ ટકા ની છુટ એટલે તેમના માટે ઓછામાં ઓછા ૪૦ ટકા નું ધોરણ સ્વીકારવામાં આવ્યું છે. બીએડ. કોલેજોની સંખ્યા વધવાને કારણે વધુ વિદ્યાર્થીઓની જરૂર પડવા લાગી, બીજી બાજુ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવા લાગી તેથી પછાત ગણાતા બક્ષીપંચના ઉમેદવારોને પણ ૪૫ ટકા ને બદલે ૪૦ ટકા નું ધોરણનો લાભ આપવામાં આવે. વલ્લભવિદ્યાનગરમાં બક્ષીપંચના ઉમેદવારોને પણ ૫ ટકા છૂટ એટલે કે ૪૦ ટકા ના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. આમ આપણી યુનિવર્સિટીમાં બી.એડ. પ્રવેશ માટે એસ.સી. અને એસ.ટી. ઉમેદવારોની સાથે બક્ષીપંચના ઉમેદવારોને પણ ૪૫ ટકા ને બદલે ૫ ટકાની છૂટ આપી ઓછામાં ઓછા ૪૦ ટકાએ પ્રવેશ આપવામાં આવે તો આપણે વધુ વિદ્યાર્થીઓને શિક્ષણમાં આગળ વધવાની તક આપી શકીએ. અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન જેવા વિષયોમાં ઉમેદવારો મળી શકે.

(૩) સરકારશ્રી અને એન.સી.ટી.ઈ. ના નિયમોનુસાર પ્રધ્યાપક અને વિદ્યાર્થીઓના ૧:૧૨ ના પ્રમાણે પ્રવેશ આપવાના હોય છે. આપણી કોલેજો આ પ્રમાણ જાળવતી નથી. જે વિષયના શિક્ષકોની સમાજમાં માંગ વધુ હોય તેમાં ૧૨ કરતા વધારે વિદ્યાર્થીઓ અને જે વિષયના શિક્ષકોની સમાજમાં માંગ ઓછી હોય તેમાં ૧૨ કરતા ઓછા વિદ્યાર્થીઓની માંગ કરે છે. અંગ્રેજી, ગણિત કે વિજ્ઞાન જેવા વિષયોમાં ૧૮ કે ૨૦ જેટલા વિદ્યાર્થીઓની પ્રવેશની માંગ કરવામાં આવે છે. અહી સરકારશ્રી કે એન.સી.ટી.ઈ. ના દરેક વિષયમાં ૧૨ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવે એવો યુનિવર્સિટી આદેશ કરે.

(૪) અંગ્રેજી,ગણિત કે વિજ્ઞાન જેવા વિષયોમાં ગ્રાન્ટેડ, સરકારી અને જુની સ્વનિર્ભર કોલેજો ૧૨ કરતાં વધુ એટલે કે ૧૮ કે ૨૦ જેટલી સંખ્યામાં પ્રવેશ માંગે તેથી વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોવાથી નવી કોલેજોમાં આ વિષયના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાતો નથી, પ્રવેશ માટે વિદ્યાર્થીઓ ખૂટી પડે છે. આ વર્ષે ૧૦ જેટલી કોલેજોમાં તો અંગ્રેજી,ગણિત અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓતો પ્રાપ્ત થયા જ નહી, નવી કોલેજો એક,બે વિદ્યાર્થીઓ મેળવી શકી તેથી બાકી રહેલી જગ્યા પર ગુજરાતી,સામાજિક વિજ્ઞાન, હિન્દી અર્થશાસ્ત જેવા વિષયોમાં ૨૦ કે ૨૧ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યા. કોલેજોમાં વિષયોનું અસંતુલન ઉભુ થયું આવા ઓછી માંગવાળા વિષયોમાં જરૂરિયાત કરતાં વધુ વિદ્યાર્થીને પ્રવેશ આપવા નહિ.

(૫) યુનિવર્સિટીએ દરેક વિષયમાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાના નિયમોનું પાલન કરવાનો આદેશ કરવો. જો કોઈ વિષયમાં ૧૨ જેટલી વિદ્યાર્થીઓ ન મળે તો અન્ય વિષયમાંથી તે જગ્યા પર યુનિવર્સિટીની મંજુરી મેળવી પ્રવેશ આપવાનું ઠરાવવું યુનિવર્સિટીની મંજુરી મેળવીને અન્ય વિષયમાંથી પ્રવેશ આપવામાં આવે તો પણ કોઈ પણ વિષયમાં ૧૫ કરતા વધુ વિદ્યાર્થીને પ્રવેશ આપવા નહિ.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૯ – ૧૦માં બી.એડ.માં પ્રવેશ માટે ડૉ. એન. ડી. પટેલે બી.એડ.ની પ્રવેશ પ્રક્રિયા સરળતા પૂર્વક થાય તે માટે સૂચવેલ સૂચનો ૧, ૩ અને ૪ મંજૂર કરવા સૂચન નં. ૨ – સરકારી ધારા ધોરણ મુજબ જ ટકાવારી પ્રવેશ માટે રાખવી અને સૂચન નં. ૫ રદ

કરવું.

**૩૩.** યુનિવર્સિટી સંલગ્ન (સ્વનિર્ભર અને અનુદાન પત્ર) કોલેજ/સંસ્થા/ઈન્સ્ટીટયુટનું ચાલુ જોડાણ/માન્યતા જૂન – ૨૦૦૯માં પુરૂ થતું હોય, શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯–૧૦ માટે/થી અનુસ્નાતક કક્ષાએ સ્વનિર્ભર/ ગ્રાન્ટ – ઈન – એઈડ ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવા તેમજ સંલગ્ન સંસ્થાઓ દ્વારા અભ્યાસક્રમ ચલાવવાની માન્યતા ચાલુ રાખવા માટે આ સાથે સામેલ યાદી મુજબ જે તે કોલેજ/સંસ્થા/ઈન્સ્ટીટયુટ તરફથી નિયત કરેલા ફોર્મેટમાં યુનિવર્સિટીને મળેલ અરજીનાં સંદર્ભે સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૦૯–૧૦ માટે/થી અનુસ્નાતક કક્ષાએ નવો સ્વનિર્ભર/ગ્રાન્ટ–ઈન–એઈડ ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવા તેમજ સંલગ્ન સંસ્થાઓ દ્વારા ચાલુ/વધારાનું/ જોડાણ મેળવવા માટે આવેલ અરજીના સંદર્ભમાં સંસ્થા/કોલેજમાં સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એમ. બી. એ., એમ. સી. એ., એમ. ફાર્મ તથા અન્ય અનુસ્નાતક અભ્યાસક્રમોનું જોડાણ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા કરવા અંગેના પત્ર અન્વયે, નવા જોડાણની દરખાસ્તો G.T.U.ને મોકલી આપવી અને તેની જાણ જે તે સંસ્થાને કરવી.

**૩૪.** પરીક્ષા આચાર સમિતિની તા. ૨૨/ ૧૨/ ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા )

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત આચાર સમિતિની ભલામણ ક્રમાંકઃ ૧ અને ૩ **પરિશિષ્ટ :" છ "** માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી અને ભલામણ ક્રમાંક : ૨ નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

– અધ્યાપકોને લેખિત ઠપકો આપવો અને ૧ વર્ષ સુધી પરીક્ષા લક્ષી કામગીરીમાંથી બાકાત રાખવા.

**(પરિશિષ્ટ : " છ ")**

**૩૫.** કેમેસ્ટ્રી વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રયોગશાળામાં વપરાતા રસાયણો, કાચના પ્રાયોગિક સાધનો તથા આનુષંગિક અન્ય સાધનોનાં ભાવોમાં સતત વધારો થતો હોઈ અને કોલેજોમાં ચાલતા અનુસ્નતક કેન્દ્રોને સરકારશ્રી તરફથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી ન હોઈ તથા એક અનુસ્નાતક પ્રાધ્યાપક દીઠ ફકત બે તાસનો જ કાર્યભાર ગણતરીમાં લેવામાં આવે છે. તે જોતાં, યુનિવર્સિટીએ કેમેસ્ટ્રી વિષયનાં દરેક અનુસ્નાતક કેન્દ્રોમાં હાયર પેમેન્ટની જોગવાઈ કરેલ છે. તેનો મૂળ હેતુ કોલેજનાં વધારાનાં ખર્ચને પહોંચી વળવાનો છે. હાયર પેમેન્ટની રકમમાંથી હાલમાં પ્રાયોગિક સાધનો, રસાયણો, લેબ–આસિસ્ટન્ટ, હમાલનો જરૂર પડે ખર્ચ કરવાની જોગવાઈ છે તેમાં સુધારો કરી પ્રાયોગિક કાર્યભાર માટે, જે કાર્યભાર સરકારશ્રી તરફથી ગણતરીમાં લેવામાં આવતો નથી તે માટે યોગ્ય લાયકાત ધરાવતી વ્યકિતની હંગામી નિમણૂંક કરી પ્રાયોગિક કાર્ય થઈ શકે તે અંગેનો ખર્ચ પણ હાયર પેમેન્ટની રકમમાંથી ફાળવી શકાય છે. હાલમાં કેમેસ્ટ્રીનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ૧૦ % પ્રમાણે નીચે મુજબની હાયર પેમેન્ટની સીટોની ફાળવણી કરાયેલ છે.

| કેમેસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર | રેગ્યુલર સીટો | હાયર પેમેન્ટની સીટો | નવી માંગેલ હાયર પેમેન્ટની સીટો |
|---|---|---|---|
| (૧) સર પી.ટી. સાયન્સ કોલેજ–સુરત, | ૨૫ | ૩ | ૫ |
| (૨) બી.કે.એમ. સાયન્સ કોલેજ–વલસાડ | ૨૫ | ૩ | ૫ |
| (૩) નવયુગ સાયન્સ કોલેજ–સુરત | ૨૦ | ૨ | ૫ |
| (૪) એમ.આર. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપલા | ૨૦ | ૨ | ૫ |
| (૫) નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર | ૨૦ | ૨ | ૫ |
| (૬) વી.એસ. પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરા | ૨૦ | ૨ | ૫ |
| (૭) આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ | ૨૦ | ૨ | ૫ |
| (૮) જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ–ભરૂચ | ૨૦ | ૨ | ૫ |

કેમેસ્ટ્રી વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોમાં હાયર પેમેન્ટની સીટોને વધારવાની બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતમાં અનુક્રમ નં. : ૩ થી ૮માં રેગ્યુલર સીટો ૨૦ ને બદલે

૨૫ કરી દરેક કોલેજને હાયર પેમેન્ટની પાંચ સીટ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯ – ૨૦૧૦થી મંજૂર કરવામાં આવે છે. આથી તમામ કોલેજોમાં કુલ સીટો (રેગ્યુલર) ૨૫ + ૫ (હાયર) એમ ૩૦ થશે.

**૩૬.** વિનયન, વાણિજય અને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સ્નાતક તેમજ અનુસ્નાતક પરીક્ષાઓ પાસ કરનાર વિદ્યાર્થીના પરિણામ સુધારવા માટે ફરી યુનિવર્સિટી પરીક્ષામાં બેસે તે અંગેના પ્રવર્તમાન નિયમો સિન્ડિકેટે તેની તા.૨૪ – ૦૯ – ૦૮ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૨ અન્વયે નિમેલ પેટા – સમિતિએ તેની તા.૧૬ – ૧ – ૦૯ ની સભામાં કરેલ સુધારા પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા )

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર પેટા સમિતિની ભલામણો સ્વીકારવી નહી.

**૩૭.** સને ૨૦૦૮–૦૯ નાં શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધ :** સને ૨૦૦૭–૦૮ નાં શૈક્ષણિક વર્ષની પ્રસ્તુત સમિતિ પર નીચેનાં સભ્યો હતાં.

(૧) ડૉ. કિરણ પંડયા
(૨) ડૉ. ઈ. વી. રામકૃષ્નન
(૩) ડૉ. અપૂર્વ દેસાઈ
(૪) આ. શ્રી જે. એમ. નાયક (નવયુગ કોમર્સ કોલેજ)
(૫) ડૉ. યુ. ટી. દેસાઈ
(૬) ડૉ. પી. એચ. ભાઠાવાલા
(૭) આ. શ્રી. ઈશ્વરભાઈ એમ. પટેલ
(૮) ડૉ. શશીકાંત જી. શાહ
(૯) ડૉ. કે. આર. કાપડીયા
(૧૦) ડૉ. મીનૂ પરબીયા

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૮–૦૯ નાં શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગેની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

**૩૮.** યુનિવર્સિટીના એમ. બી. એ. વિભાગના વડાશ્રીએ તા. ૨૭/ ૧૨/ ૨૦૦૮ના પત્રથી જણાવેલ એમ. બી. એ. ઈવનીગ સેમિસ્ટર – ૧ના નીચેના વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી કોન્ડોન કરવા અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કુલ લેકચર | મીનીમમ લેકચર રીકવાયર્ડ | વિદ્યાર્થીની હાજરી અને ટકા | ખૂટતી હાજરી અને ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | દવે કમલેશકુમાર આર. | ૨૩૨ (૧૦૦ %) | ૧૭૪ (૭૫ %) | ૧૩૪ (૫૮ %) | ૪૦ (૧૭ %) |
| ૨ | પરમાર અજય સી. | ૨૩૨ (૧૦૦ %) | ૧૭૪ (૭૫ %) | ૧૦૪ (૪૪.૮૨ %) | ૭૦ (૩૦.૧૮ %) |

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એમ. બી. એ. વિભાગના એમ. બી. એ. ઈવનીગ સેમિસ્ટર – ૧ના ઉપરોકત વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી કોન્ડોન કરવી નહી, સદર વિદ્યાર્થીઓના સત્રો રદ કરવા તથા યુનિવર્સિટીના એમ. બી. એ. વિભાગના અધ્યક્ષશ્રીને જાણ કરવી, તથા પરીક્ષા ફોર્મ ન સ્વીકારવાની જાણ પરીક્ષા વિભાગને કરવી.

**૩૯.** યુનિ. સંલગ્ન ભગવાન મહાવીર કોલેજ ઓફ મેનેજમેન્ટ, ભરથાણા, સુરતના એમ.બી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમના ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થી શ્રી સુમિત શર્માની ખૂટતી હાજરી કોન્ડોન કરવા અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કુલ લેકચરર | મીનીમમ લેકચરર ટકાવારી | વિદ્યાર્થીની હાજરીના % | ખૂટતી હાજરી |
|---|---|---|---|---|---|
| ૧. | સુમિત શર્મા | ૧૦૦% | ૭૫% | ૪૯% | ૨૬% |

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિ. સંલગ્ન ભગવાન મહાવીર કોલેજ ઓફ મેનેજમેન્ટ, ભરથાણા, સુરતના એમ.બી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમના ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થી શ્રી સુમિત શર્માની ખૂટતી હાજરી કોન્ડોન કરવી નહી, સદર વિદ્યાર્થીના સત્રો રદ કરવા કોલેજના આચાર્યશ્રીને જણાવવું તથા પરીક્ષા ફોર્મ ન સ્વીકારવાની પરીક્ષા વિભાગ ને જાણ કરવી.

**૪૦.** યુનિવર્સિટીના એમ.એસ.સી. (એપ્લાઈડ સ્ટેટેસ્ટીક્સ) ની નવા શૈક્ષણિક વર્ષથી ૨૦૦૯–૨૦૧૦ થી ઈસીની મીટીગમાં મંજૂર થયેલ બાબત ક્રમાંક : ૬ મુજબ મળેલી સૈધ્ધાંતિક મંજૂરી મુજબ નવી ફી અંગેની બાબત વિચારણા કરવા બાબત અને પત્ર સાથે ૧૧–૦૮–૨૦૦૮ ના રોજ મળેલ ઈસીની મીટીગમાં મંજૂર થયેલ બાબત ક્રમાંક : ૬ મુજબ ફી વધારા અંગે સૈધ્ધાંતિક મંજુરી મળેલ તે મુદ્દા રજૂ કરેલ છે જે અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એમ.એસ.સી. (એપ્લાઈડ સ્ટેટેસ્ટીક્સ) ની નવા શૈક્ષણિક વર્ષથી ૨૦૦૯–૨૦૧૦ થી ઈસીની મીટીગમાં મંજૂર થયેલ બાબત ક્રમાંક : ૬ મુજબ મળેલી સૈધ્ધાંતિક મંજૂરી મુજબ નવી ફી અંગેની બાબત વિચારણા કરવા બાબત અને પત્ર સાથે ૧૧–૦૮–૨૦૦૮ ના રોજ મળેલ ઈસીની મીટીગમાં મંજૂર થયેલ બાબત ક્રમાંક : ૬ મુજબ ફી વધારા અંગે સૈધ્ધાંતિક મંજુરી મળેલ તે મુદ્દા **પરિશિષ્ટ : " જ"**માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવા.

(પરિશિષ્ટ : " જ ")

**૪૧.** આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીનાં આચાર્યશ્રીનો તા. ૫–૧–૨૦૦૯ નો સામેલ પત્ર પરત્વે પી.એચડી./ એમ.ફિલ./પી.એચડી. સુપરવાઈઝીગ ટીચરની ઓફિસ પ્રોસેસમાં ખૂબ વિલંબ / સમય જાય છે તે અંગે નીચે દર્શાવ્યા મુજબ જરૂરી સૂચનો / અભિપ્રાયો પર વિચારણા કરવા બાબત.

(૧) પી.એચડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે જે તે અરજદારનું (અરજી સહિત) તમામ સંશોધન – સાહિત્ય (Research Papers / Publications / Books etc..) ને મા.કુલપતિશ્રી દ્વારા નિયુકત બે બાહ્ય નિષ્ણાંતોના અભિપ્રાય / એસેસમેન્ટ રિપોર્ટ હકારાત્મક હોય તો તેમને પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે. જે હાલમાં બી.યુ.ટી. સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવે છે.

(૨) જે તે પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન હેઠળ જે તે વિષય / ફેકલ્ટી માં પીએચ.ડી. (Ph.D.) ની પદવી મેળવવા યુનિવર્સિટીમાં રજીસ્ટર્ડ થયેલ જે તે વિદ્યાર્થી તરફથી રજૂ થતી સીનોપ્સીસ મળ્યા બાદ જે તે વિષયના ચેરમેન તરફથી મળતા બાહ્ય નિર્ણાયકોના નામો (પેનલ) પરથી મહાનિબંધ (Thesis) તપાસવા માટે બે બાહ્ય નિર્ણાયકોની (External Referees) નિમણૂંક કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે. જે હાલમાં બી.યુ.ટી. સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવે છે. જે હાલમાં એકેડેમિક કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવે છે.

(૩) જે તે પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન હેઠળ જે તે વિષય / ફેકલ્ટી માં એમ.ફિલ. **(M.Phil.)** ની પદવી મેળવવા યુનિવર્સિટીમાં રજીસ્ટર્ડ થયેલ જે તે વિદ્યાર્થી તરફથી રજૂ થતી સીનોપ્સીસ મળ્યા બાદ જે તે વિષયના ચેરમેન તરફથી મળતા બાહ્ય નિર્ણાયકોના નામો (પેનલ) પરથી મહાનિબંધ (Dissertation) તપાસવા માટે બે બાહ્ય નિર્ણાયકોની (External Referees) નિમણૂંક કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે. જે હાલમાં એકેડેમિક કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, Ph.D.નાં રૂલ્સ 24 જેમાં સેલ્ફ ગાઈડ તરીકેની જે જોગવાઈ છે તેમાં સ્પષ્ટીકરણ કરવા તથા યોગ્ય જોગવાઈઓ કરવા અન્ય યુનિવર્સિટીમાંથી સદર બાબતે વિગતો મંગાવવી અને તે અન્વયે P. G. Rules 24માં સુધારા વધારા સુચવવા સઘન અભ્યાસ કરી નીચે મુજબની સમિતિ નિમવી અને તે સમિતિના અહેવાલને સિન્ડિકેટમાં મૂકવો.

(૧) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૨) આ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ

**૪૨.** માર્ચ/એપ્રિલ – ૨૦૦૮ માં લેવાયેલ એમ.એસસી. પાર્ટ – ૧ પરીક્ષા બેઠક ક્રમાંક : ૦૨૫૧ (પારેખ સંજય કિર્તીભાઈ) પરીક્ષા દરમ્યાન ગેરરિતી આચરતાં પકડાયા હતાં. તા.૨૪–૭–૨૦૦૮ ની આચાર સમિતિની સભામાં સદર વિદ્યાર્થીને રૂા. ૧૨૫/– નો દંડ અને પરીક્ષાનું પરિણામ રદ કરવા તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૨૦૦૯ ના પ્રથમ સત્રના અંત સુધી યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષામાં બેસવા નહી દેવા તેમજ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ કે માન્ય સંસ્થામાં સત્રો રાખવા નહિ દેવાની ભલામણ કરેલ જે સિન્ડિકેટમાં પણ પાસ થયેલ છે.

વધુમાં વિદ્યાર્થીએ બી.એડ્. માં પ્રવેશ મેળવી અભ્યાસ કરેલ છે. તે અંગેની જાણ યુનિવર્સિટી કાર્યાલયને કે આચાર સમિતિને પણ જાણ કરેલ નથી. વિદ્યાર્થીએ બી.એડ્. માં એડમિશન મેળવી સજા દરમ્યાન પ્રથમ સત્રમાં અભ્યાસ કરેલ છે. અને બીજું સત્ર ભરવા માટે તેમજ સજા માફ કરવા જણાવેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

સર્વોદય શિક્ષણ મંડળ, સુરતનો તા.૨૨–૧૨–૨૦૦૮ નો પત્ર વિદ્યાર્થીની અરજી સાથે સામેલ કરેલ છે.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતમાં વિદ્યાર્થીના બી.એડ્.નાં પ્રવેશ અને પ્રથમ સત્ર રદ કરવું.

**૪૩.** યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને જે તે માસે જે મૂળ પગાર ( ૫૦ **%** મર્જર સાથેનો) હોય તેના પર ૮**%**ના દરે હાલના પગાર પંચ મુજબ ત્યાર બાદ છઠ્ઠા પગાર પંચનો અમલ થતાં તેના મૂળ પગાર પર તેટલા જ દરે કાયમ માટે પરીક્ષા ભથ્થું આપવા વિચારણા કરવા બાબત......

**<u>તેમજ</u>**

સરકારશ્રીની નિમણૂંક કરવાની નવી પોલીસી હેઠળ નિયુકત કરેલાં પાંચ વર્ષના ફીકસ પગારના એડહોક કર્મચારીઓને પણ પરીક્ષા ભથ્થાં રૂપેની રકમ નકકી કરવા, વિચારણા કરવા બાબત.....

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને સ્થાયી સમિતિ (સ્ટાફ સ્ટેન્ડીગ કમિટિ)માં મૂકવી.

**૪૪.** યુનિવર્સિટી સંલગ્ન ટ્રસ્ટ દ્વારા કોલેજ બંધ કરવા માટેના નોર્મ્સ બનાવવા માટે સિન્ડિકેટ, તા.૬ – ૨ – ૨૦૦૮ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક : (૬) અન્વયે, નિયુકત સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી સિન્ડિકેટ, તા.૧૫ – ૧૦ – ૨૦૦૮ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક : (૯) અન્વયે, સમગ્ર બાબતે ઓર્ડિનન્સ બનાવવા માટે નિયુકત સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ " પાઠ " (સૂચિત ઓર્ડિનન્સનો ખરડો) ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ટ્રસ્ટની કોલેજ બંધ કરવાનાં નોર્મ્સ બનાવવા માટે સઘળા પાસાનો અધ્યયન કરવા માટે સદર સમિતિને સોંપવું અને ફાઈનલ થયા બાદ સિન્ડિકેટ સમક્ષ રજુ કરવું.

**૪૫.** સને – ૨૦૦૯ ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટીની લેવાનાર વિવિધ પરીક્ષાઓ તથા તેને લગતી આનુષાંગિક કામગીરી માટે મંગાવવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક રજૂ કરતાં નાણાં સમિતિએ નીચે મુજબ ઠરાવેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે, સને – ૨૦૦૯ ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટીની લેવાનારી વિવિધ પરીક્ષાઓ તથા તેને લગતી આનુષાંગિક કામગીરીમાં વાહનો ભાડેથી (રેટ કોન્ટ્રાકટથી) લેવા માટે તુલનાત્મક પત્રકમાં જણાવેલ સૌથી ઓછા ભાવ મે.સાંઈરથ ટ્રાવેલ્સનાં હોય તેમજ સદરહુ ટ્રાવેલ્સ સામે કોર્ટ કેસ ચાલતો હોય, તેમને કોન્ટ્રાકટ આપી શકાય એમ ન હોવાથી ત્યારબાદ સેકન્ડ લોએસ્ટમાં મે. મિસ્ત્રી ટ્રાવેલ્સ આવતા હોય, તેઓને માનનીય કુલપતિશ્રી અને માનનીય કુલસચિવશ્રીની સમક્ષ તા.૫ – ૧ – ૨૦૦૯ ના રોજ બપોરે ૨ – ૦૦ કલાકે રૂબરૂ હાજર રહેવા ટેલીફોન દ્વારા જણાવી નેગોશીયેશન માટે બોલાવેલા ત્યારબાદ સદરહુ બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી. "

નાણાં સમિતિની તા.૩૧ – ૧૨ – ૨૦૦૮ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ મુજબ તા.૫ – ૧ – ૨૦૦૯ ના રોજ બપોરે ૨–૦૦ કલાકે શ્રી કિશોરભાઈ મિસ્ત્રી ટ્રાવેલ્સવાલાને રૂબરૂ બોલાવવામાં આવ્યા હતાં અને માનનીય કુલપતિશ્રીએ કરેલ મૌખિક આદેશાનુસાર શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાને મિસ્ત્રી ટ્રાવેલ્સવાળા શ્રી કિશોરભાઈ સાથે સદરહુ બાબતે નેગોશીયેશન કરવા પરવાનગી આપી હતી અને તે રીતે શ્રી દિપકભાઈ આફ્રિકાવાળાએ નેગોશીયેશન કર્યુ હતું. તે મુજબ વિચારણા કર્યા બાદ આ સાથે બિડેલ પત્રક મુજબના કોન્ટ્રાકટ રેટના વિવિધ વાહનોના ભાવ નકકી કર્યા છે. જે આ સાથે સામેલ છે. જે મંજૂર કરવા સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

ઉપરોકત નાણા સમિતિનો ઠરાવ અવલોકનમાં લઈ વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને – ૨૦૦૯ ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટીની લેવાનાર વિવિધ પરીક્ષાઓ તથા તેને લગતી આનુષાંગિક કામગીરી માટે મંગાવવામાં આવેલ ટેન્ડરો પૈકી મે. સાંઈરથ ટ્રાવેલ્સને બાદ કરતાં બાકી રહેતી પાર્ટીઓ માંથી સૌથી લોએસ્ટ શ્રી કિશોરભાઈ મિસ્ત્રી ટ્રાવેલ્સવાળાને પ્રસ્તુત કામગીરી ૧ વર્ષના કરારને આધારે સોંપવી.

**૪૬.** કોલેજનું નવું/ વધારાનું/ ચાલુ જોડાણની અરજી અંગેની અરજી ફી,, મર્જર ફી, લેટ ફી તથા અરજી ફી પરત કરવા અંગેનો ઓર્ડિનન્સ–૬૬ (૧) અને (૨)માં જરૂરી સુધારો/ વધારો કરવા અંગે સિન્ડિકેટે, તેની તા. ૨૪ – ૯ – ૨૦૦૮ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૨૬) અન્વયે, નિયુકત કરેલ સમિતિએ જરૂરી/ સુધારા સાથે રજૂ કરેલ ઓર્ડિનન્સ – ૬૬ (૧) અને (૨) ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોલેજનું નવું/ વધારાનું/ ચાલુ જોડાણની અરજી અંગેની અરજી ફી,, મર્જર ફી, લેટ ફી તથા અરજી ફી પરત કરવા અંગેનો ઓર્ડિનન્સ–૬૬ (૧) અને (૨)માં જરૂરી સુધારો/ વધારો કરવા અંગે સિન્ડિકેટે, તેની તા. ૨૪ – ૯ – ૨૦૦૮ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૨૬) અન્વયે, નિયુકત કરેલ સમિતિએ જરૂરી/ સુધારા સાથે રજૂ કરેલ ઓર્ડિનન્સ – ૬૬ (૧) અને (૨)

**પરિશિષ્ટ : " ઝ "** માં દર્શાવેલ સુધારા વધારા ચાલુ શૈક્ષણિક વર્ષથી મંજૂર કરવા.

**(પરિશિષ્ટ : " ઝ ")**

૪૭. એચ.આર.મહિલા આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીની **શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ થી વિનયન અને વાણિજયનું કાયમી જોડાણ** મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮–૦૧–૨૦૦૮ સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮–૦૧–૦૯ની સભાની ભલામણ ક્રમાંક : ૩</u>**

**::** આથી ઠરાવવામાં આવે છે કે, એચ.આર.મહિલા આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ થી વિનયન અને વાણિજયનું કાયમી જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ માં જણાવેલ નીચેની શરતોનું યથાર્થ પરિપાલન કરવાની શરતે ચાલુ શૈક્ષણિક વર્ષ માટેવિનયન અને વાણિજય અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા તથા કાયમી જોડાણ માટે નવી અરજી કરવા સંસ્થાને જણાવવા બાબતે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) વિદ્યાર્થીનીઓ લાયબ્રેરીનો ઉપયોગ કરી શકે તે માટે જરૂરી પગલાં લેવાં.

(૨) કેન્ટીનની વ્યવસ્થા કરવી.

(૩) લેડીઝ કોમનરૂમ – Toilets ની વ્યવસ્થા કરવી. સ્વચ્છતા માટે જરૂરી પગલાં ભરવા.

(૪) સાંસ્કૃતિક પ્રવૃત્તિ, સ્પોર્ટસ, સ્ટુડન્ટસ કોર્નર, ઈન્ડોર/આઉટડોર રમતો માટે જરૂરી સગવડોની વ્યવસ્થા કરવી. NCC/ NSS પ્રવૃતિ માટે વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવું.

(૫) કોલેજનાં શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓની વર્ષ દરમ્યાનની સિધ્ધી/ઉપલબ્ધીઓને નોટીસ બોર્ડ અથવા કોલેજ મેગેઝીન ધ્વારા પરિપત્રિત કરી પ્રોત્સાહન આપવું.

(૬) ઈન્ચાર્જ આચાર્ય, આધ્યાપકો અને ટ્રસ્ટીમંડળ વચ્ચે સુમેળભર્યુ વાતાવરણ સર્જાય એવા પ્રયત્નો કરવાં.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એચ.આર.મહિલા આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીની વિનયન અને વાણિજયની કાયમી જોડાણની અરજી સ્વીકારવી નહી અને સદર ૨૦૦૭ – ૦૮નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અભ્યાસક્રમની ૨૦૦૮ – ૨૦૦૯ અને ૨૦૦૯ – ૨૦૧૦ની ચાલુ જોડાણની અરજી કરવા સંસ્થાને જણાવવું. વિશેષમાં એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત તા. ૨૮ – ૦૧ – ૦૯ની સભાની ભલામણમાં જણાવેલ અ. નં. ૧ થી ૬ શરતો ઉપરાંત નીચે દર્શાવેલ વધુ ત્રણ શરતો અ. નં. ૭ થી ૯ એમ કુલ ૧ થી ૯ શરતોનું યથાર્થ પરીપાલન કરવાનું રહેશે અન્યથા રાજય સરકારશ્રીને ઘટતા પગલા લેવા ભલામણ કરવામાં આવશે.

(૭) ઈન્ચાર્જ આચાર્યની તાત્કાલિક નિમણૂંક કરવી.

(૮) ૩ માસમાં સરકારશ્રી સાથે કાર્યવાહી કરી શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓનાં પડતર પ્રશ્નો તથા પગાર ફિકેશન, ઈજાફા, ઉચ્ચતર પગાર ધોરણની અને પગારપંચના અમલની અસરો તથા સરકારશ્રી દ્વારા નિયત કરેલા સેવાપોથીમાં દર્શાવવી જરૂરી વિગતો સહ સેવાપોથીની ડુપ્લીકેટ નકલ દરેક કર્મચારીઓને આપવી.

(૯) ચોકીદારનો તાત્કાલીક પગાર કરવો.

૪૮. ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટસ તથા ડીનશ્રી, ફેકલ્ટી ઓફ કોમર્સના તા. ૦૩–૦૪–૨૦૦૮ના પત્રમાં જણાવ્યાનુસાર, Pursuing Siumultaneous Studies બાબત પરત્વે બી.યુ.ટી. તા. ૧૦–૪–૨૦૦૮ની ભલામણ નં. (૫૬) અને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭–૪–૨૦૦૮ની ભલામણ નં. (૯૫) સંદર્ભે આપેલ અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૫–૨૦૦૮ની સભામાં બાબત ક્રમાંક : (૩) અન્વયે, ઠરાવ્યાનુસાર અહેવાલ પર ફેરવિચારણા અર્થે ડૉ. વિક્રમભાઈ દેસાઈને પ્રસ્તુત સમિતિમાં વધારાના સભ્ય તરીકે નિમણૂંક આપી ઓર્ડિનન્સ–૪૩ (બ) ના પાઠમાં જરૂરી સુધારો સૂચવવા ચાર સભ્યોની સમિતિ રચી હતી, નિયુકત સમિતિના સભ્યોએ સૂચવેલ ઓર્ડિનન્સ–૪૩ (બ) ના નવા સુધારા ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮–૦૧–૨૦૦૮ સભાના ઠરાવ ક્રમાંક : ૪ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮–૦૧–૦૯ની સભાની ભલામણ ક્રમાંક : ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે,ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટસ તથા ડીનશ્રી, ફેકલ્ટી ઓફ કોમર્સના તા. ૦૩–૦૪–૨૦૦૮ના પત્રમાં જણાવ્યાનુસાર, **Pursuing Siumultaneous Studies** બાબત પરત્વે બી.યુ.ટી. તા. ૧૦–૪–૨૦૦૮ની ભલામણ નં. (૫૬) અને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭–૪–૨૦૦૮ની ભલામણ નં. (૯૫) સંદર્ભે આપેલ અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૫–૨૦૦૮ની સભામાં બાબત ક્રમાંક : (૩) અન્વયે, ઠરાવ્યાનુસાર અહેવાલ પર ફેરવિચારણા અર્થે ડૉ. વિક્રમભાઈ દેસાઈને પ્રસ્તુત સમિતિમાં વધારાના સભ્ય તરીકે નિમણૂંક આપી ઓર્ડિનન્સ–૪૩ **(A)** ના પાઠમાં જરૂરી સુધારો સૂચવવા ચાર સભ્યોની સમિતિ રચી હતી, નિયુકત સમિતિના સભ્યોએ સૂચવેલ ઓર્ડિનન્સ–૪૩ **(A)** ના નવા સુધારા સાથે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસતુત બાબત અંગે જે તે કોર્ષની વિગતો સ્પષ્ટ દર્શાવી સિન્ડિકેટમાં પુનઃ વિચારણા માટે મૂકવું.

૪૯. મેડીકલ કોલેજોમાં શિક્ષકોની માન્યતા બાબતોની વય મર્યાદા યુનિવર્સિટી નિયમો પ્રમાણે ૬૨ વર્ષની છે તે એમ. સી. આઈ.ની પ્રવર્તમાન જોગવાઈ પ્રમાણે ૬૫ વર્ષની કરવા અંગે તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૦૬–૧૧–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮–૦૧–૨૦૦૮ સભાના ઠરાવ ક્રમાંક : ૧૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>તબીબી વિદ્યાશાખાની તા. ૦૬–૧૧–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ કોલેજોમાં યુનિવર્સિટી શિક્ષકોની માન્યતા બાબતે શિક્ષકોની વય મર્યાદા હાલ એમ.સી.આઈ.ની પ્રવર્તમાન જોગવાઈ પ્રમાણે ૬૫ વર્ષ નકકી કરવા અને ભવિષ્યમાં પણ એમ.સી.આઈ.ના નિયમોમાં જે જોગવાઈ હોઈ તે પ્રમાણે કરવા અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮ – ૦૧ – ૦૯ની સભાની ભલામણ ક્રમાંક : ૧૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ કોલેજોમાં યુનિવર્સિટી શિક્ષકોની માન્યતા બાબતે શિક્ષકોની વય મર્યાદા હાલ એમ.સી.આઈ.ની પ્રવર્તમાન જોગવાઈ પ્રમાણે ૬૫ વર્ષ નકકી કરવા અને ભવિષ્યમાં પણ એમ.સી.આઈ.ના નિયમોમાં જે જોગવાઈ હોઈ તે પ્રમાણે કરવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

::	આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ કાઉન્સિલે કરેલ સુધારાની નોંધ લઈએ અને રાજય સરકાર દ્વારા	તેનો સ્વીકાર કર્યાનું જાહેરનામું બહાર પડેથી તેનો અમલ કરવાનું રાખીએ.

૫૦. (૫.) વિનયન, વાણિજય અને વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓએ માનનીય કુલપતિશ્રીને સંબોધીને વિનયન, વાણિજય અને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ આવતી પૂર્વ સ્નાતક પરીક્ષાઓની ઓકટોબર ટ્રાયલ રદ કરવા અને ફકત તૃતીય વર્ષની પરીક્ષા (પદવી પરીક્ષા) થોડા (જુજ) કેન્દ્રો પર રાખવા લખેલા તા. ૨૭–૦૮–૦૮ ના પત્રક્રમાંક ડીઆરએમઆઈએસએસએસ/ડીન/૪૯૯૬/૨૦૦૮ નો પાઠ નીચે મુજબ છે, જેપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮–૦૧–૨૦૦૮ સભાના ઠરાવ ક્રમાંક : ૫ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>તા. ૨૭ – ૦૮ – ૦૮ના પત્રનો પાઠ</u>**

Hon. Vice Chancellor,

We are approaching you with a request to cancel conducting of October examination by the University. Over the years it has been observed that valuable teaching days are lost in conducting October examination. Moreover, there is no apparent gains to students in terms of time they required to get degree. The University can consider to conduct examination for the 3rd year students in few centers. The matter should be considered by appropriate body to do away with October examination.

**<u>તથા</u>**

(૩૬.) સ્નાતક કક્ષાએ પ્રથમ અને દ્રિતીય વર્ષ બી.એસસી. માં ઓકટોબર પરીક્ષા પ્રથા રદ કરવા અને વધારાના એક વિષયમાં એ.ટી.કે.ટી. આપવા તથા ટી.વાય.બી.એસસી.માં ઓકટોબર ટ્રાયલનો લાભ ટકાવી રાખવા વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૨૨–૧૨–૦૮ ના પત્રથી કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૨૯–૧૨–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ થી સ્વીકારી તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને કરેલ નીચેની ભલામણ પર પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮–૦૧–૨૦૦૮ સભાના ઠરાવ ક્રમાંક : ૩૬ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨૯–૧૨–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૨૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્નાતક કક્ષાએ પ્રથમ અને દ્રિતીય વર્ષ બી.એસસી. માં ઓકટોબર પરીક્ષા પ્રથા રદ કરવા અને વધારાના એક વિષયમાં એ.ટી.કે.ટી. આપવા તથા ટી.વાય.બી.એસસી.માં ઓકટોબર ટ્રાયલનો લાભ ટકાવી રાખવા અંગે વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ કરેલ ભલામણ સ્વીકારી તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને

ભલામણ કરવામાં આવે છે.

**તથા**

(૭૫.) વાણિજય વિદ્યાશાખાએ તેની તા.૨૯–૧૨–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૮ અન્વયે કરેલી નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮–૦૧–૨૦૦૮ સભાના ઠરાવ ક્રમાંક : ૭૫ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>વાણિજય વિદ્યાશાખાની તા. ૨૯ – ૧૨ – ૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૮</u>**

:: અન્ડર ગ્રેજયુએટ કક્ષાએ હાલમાં બે વિષયમાં એ.ટી.કે.ટી. આપવાની જોગવાઈ છે અને ઓકટોબર ટ્રાયલમાં પણ પરીક્ષા આપવાની જોગવાઈ છે. પ્રથમ વર્ષમાં નવા દાખલ થયેલ વિદ્યાર્થીઓ માટે તો ઓકટોબરમાં કોઈ પરીક્ષા આપવાની હોતી નથી. આમ એ.ટી.કે.ટી. પરીક્ષાને કારણે બધાં જ વિદ્યાર્થીઓના શૈક્ષણિક દિવસો પણ બગડે છે. ઉપરાંત ઓકટોબર ટ્રાયલથી પ્રથમ અને દ્વિતીય વર્ષના પરીક્ષાર્થીઓને કોઈ વિશેષ લાભ થતો નથી આ સંજોગોમાં હાલમાં જે બે વિષયમાં એ.ટી.કે.ટી. આપવામાં આવે તેને બદલે ત્રણ વિષયમાં એ.ટી.કે.ટી. આપવામાં આવે અને સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી ઓકટોબર ટ્રાયલ રદ કરવાનું ઠરાવવામાં આવે છે આ સાથે એવી જોગવાઈ કરવામાં આવે કે ત્રીજા વર્ષમાં પ્રવેશ માટે પ્રથમ અને દ્વિતીય વર્ષ એમ બે વર્ષ મળીને કુલ ત્રણ થી વધુ વિષયમાં વિદ્યાર્થી નાપાસ (એ.ટી.કે.ટી.) હોય તો ત્રીજા વર્ષમાં પ્રવેશને પાત્ર બનશે નહી એવું ઠરાવવામાં આવે છે. ઉપરાંત ફકત સ્નાતક કક્ષાએ ત્રીજા વર્ષની (ફાઈનલયર) ની પરીક્ષા મર્યાદીત કેન્દ્રો ઉપર ઓકટોબર ટ્રાયલ યોજવાનું ચાલુ રાખવું. ઉપરોકત બાબતો મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮–૦૧–૦૯ની સભાની ભલામણ ક્રમાંક : ૫, ૩૬ અને ૭૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અન્ડર ગ્રેજયુએટ કક્ષાએ હાલમાં બે વિષયમાં એ.ટી.કે.ટી. આપવાની જોગવાઈ છે અને ઓકટોબર ટ્રાયલમાં પણ પરીક્ષા આપવાની જોગવાઈ છે. પ્રથમ વર્ષમાં નવા દાખલ થયેલ વિદ્યાર્થીઓ માટે તો ઓકટોબરમાં કોઈ પરીક્ષા આપવાની હોતી નથી. આમ એ.ટી.કે.ટી. પરીક્ષાને કારણે બધાં જ વિદ્યાર્થીઓના શૈક્ષણિક દિવસો પણ બગડે છે. ઉપરાંત ઓકટોબર ટ્રાયલથી પ્રથમ અને દ્વિતીય વર્ષના પરીક્ષાર્થીઓને કોઈ વિશેષ લાભ થતો નથી આ સંજોગોમાં હાલમાં જે બે વિષયમાં એ.ટી.કે.ટી. આપવામાં આવે તેને બદલે ત્રણ વિષયમાં એ.ટી.કે.ટી. આપવામાં આવે અને સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી ઓકટોબર ટ્રાયલ રદ કરવાનું ઠરાવવામાં આવે છે આ સાથે એવી જોગવાઈ કરવામાં આવે કે ત્રીજા વર્ષમાં પ્રવેશ માટે પ્રથમ અને દ્વિતીય વર્ષ એમ બે વર્ષ મળીને કુલ ત્રણ થી વધુ વિષયમાં વિદ્યાર્થી નાપાસ (એ.ટી.કે.ટી.) હોય તો ત્રીજા વર્ષમાં પ્રવેશને પાત્ર બનશે નહી એવું ઠરાવવામાં આવે છે. ઉપરાંત ફકત સ્નાતક કક્ષાએ ત્રીજા વર્ષની (ફાઈનલયર) ની પરીક્ષા મર્યાદીત કેન્દ્રો ઉપર ઓકટોબર ટ્રાયલ યોજવાનું ચાલુ રાખવા માટે તથા ઓર્ડિનન્સમાં સુધારો કરવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ, કોમર્સ, સાયન્સમાં પ્રથમ અને દ્વિતીય વર્ષમાં **OCT** પરીક્ષા પ્રથા રદ કરવી તેને બદલે **ATKT** માટેની જોગવાઈમાં ૨ ને બદલે ૩ વિષયમાં **ATKT** આપવી અને પરીક્ષાના નિયમોમાં સુસંગત ફેરફાર કરવા. વધુમાં ઠરાવવામાં આવે છે કે,

પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષમાં પાસિંગ સ્ટાન્ર્ડડને દરેક વિષયમાં **Exemption** ગણવા આર્ટ્સ, કોમર્સ, સાયન્સ વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રીઓની તાકીદે મીટીંગ બોલાવી સદર બાબતે નિર્ણય કરવા જણાવવું.

**૫૧.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૮ – ૨૦૦૯નું સુધારેલ અંદાજપત્ર તથા આગામી નાણાંકીય વર્ષ ૨૦૦૯ – ૨૦૧૦નું અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત...

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મુલતવી રાખવી અને આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

**૫૨.** તા. ૩૧ – ૧૨ – ૨૦૦૮ના રોજ રાખવામાં આવેલી નાણાં સમિતિની કાર્યવાહી આ સાથે સામેલ છે. જેની બાબત : ઠરાવ ક્રમાંક : ૩ અને ૫ પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું બાબત બાબત નં. ૬૦ સાથે વિચારણામાં લેવામાં આવી.

**૫૩.** પરીક્ષકોના મહેનતાણાં અંગેના ગવર્મેન્ટ મેડીકલ કોલેજ, સુરતના ડીનશ્રી ડૉ. એસ. કે. વાજપાઈના તા. ૨૭ – ૧ – ૨૦૦૯ નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબની કમિટિની નિમણુંક કરવી.

(૧) ડીનશ્રી (મેડીકલ ફેકલ્ટી) – કન્વીનરશ્રી

(૨) ડૉ. ઘનશ્યામભાઈ રાવલ

(૩) ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ

**૫૪.** સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રીએ ડૉ. સી. એમ. દેસાઈને ડોકટર ઓફ સાયન્સ (D. Science)ની માનદ્ પદવી એનાયત કરવા મોકલેલ દરખાસ્ત અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૧૫ – ૧૦ – ૨૦૦૮ની કાર્યવાહીને બહાલી અપાયા બાદ બાબત ક્રમાંક : ૫૪ ને પ્રાયોરીટી આપવા સિન્ડિકેટ સભ્યશ્રી હોશંગ મીરઝાએ કરેલી દરખાસ્ત માન્ય કુલપતિશ્રીએ ગ્રાહ્ય રાખી હતી ડૉ. સી. એમ. દેસાઈને ડી. સાયન્સની માનદ પદવી એનાયત કરવા સર્વાનુમતે સેનેટને ભલામણ કરવા નિર્ણય કર્યો હતો. પ્રસ્તુત બાબતની દરખાસ્ત સેનેટ સમક્ષ મા. સિન્ડિકેટ સભ્ય **શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા** કરશે. બાબત ૫૪ની વિચારણા અને તે સંદર્ભે થયેલા નિર્ણય સમયે સભાગૃહમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણેહતી.

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. બી. એ. પ્રજાપતિ (મા. કુલપતિશ્રી) | (૨) | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ |
| (૩) | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | (૪) | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ |
| (૫) | ડૉ. શશીકાંત જી. શાહ | (૬) | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા |
| (૭) | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | (૮) | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા |
| (૯) | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | (૧૦) | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી |
| (૧૧) | આ. ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | (૧૨) | શ્રી મયુરભાઈ ચૌહાણ |
| (૧૩) | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | (૧૪) | શ્રી દિનેશભાઈ દાસા |

(૧૫) ડૉ.ઘનશ્યામભાઈ રાવલ

**૫૫.** યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ગ્રંથપાલની નિમણૂંકને ઓર્ડિનન્સ–૮૮ હેઠળ માન્યતા આપવી કે તેમનું રાજીનામું યુનિવર્સિટીના કુલસચિવશ્રી સમક્ષ આપવા અંગે એકેડેમીક કાઉન્સીલ તા. ૭/૧/૨૦૦૮ ની ભલામણ ક્રમાંકઃ ૦૪ થી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય જે સિન્ડિકેટે તેની તા. ૬/૨/૨૦૦૮ ની ભલામણ ક્રમાંકઃ (૧૩) થી સેનેટને ભલામણ કરેલ છે. તે મુજબ તા. ૨૫/૨૬–૩–૨૦૦૮ના રોજ મળેલ સેનેટની સભા સમક્ષ રજૂ કરતાં ઠરાવ ક્રમાંકઃ (૧૧) થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે :

:: ચર્ચા વિચારણાના અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટ સમક્ષ પુનઃ વિચારણા માટે મુકવા અંગે ઠરાવવામાં આવ્યુ હોય, તો તે અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

**(નોંધઃ** ગ્રંથપાલની નિમણૂંકને ઓર્ડિનન્સ – ૮૮ હેઠળ માન્યતા આપવાથી આ સાથે બિડેલ ઓર્ડિનન્સ – ૮૮માં આમેજ કરી (સુધારા સહિત), તે મુજબ માન્યતા આપવાની રહે છે.)

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મુલતવી રાખવી અને આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

**૫૬.** પરીક્ષા વિભાગમાં રોજમદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓના મહેનતાણા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને સ્થાયી સમિતિ (સ્ટાફ સ્ટેન્ડીગ સમિતિ)માં મૂકવી.

**૫૭.** અંધજન શિક્ષણ મંડળ, સુરતનાં પ્રમુખશ્રીનાં " ૨૦૦૯ – ૧૦નાં શૈક્ષણિક વર્ષ માટે ડી. એમ. ધ્રુવ મહાવિદ્યાલય (બી. એડ. સ્પેશ્યલ એજયુ. – વી. આઈ.)માં પ્રવેશ માટે અલાયદી વ્યવસ્થા ગોઠવવા બાબત"ને લગતા તા. ૧૯ – ૦૧ – ૦૯નાં પત્રક્રમાંક : એ/ ૫૭૨/ ૦૮ – ૦૯ પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થા પ્રવેશ માટે અલગ જાહેરાત આપે અને જેમાં ડીનશ્રી (એજયુકેશન) અને વી. સી. નોમીની બે જણા સદર સંસ્થાની પ્રવેશ કાર્યવાહીને ઓબ્ઝર્વ કરે સંસ્થા તે માટે અલગ પ્રવેશ ફોર્મ છપાવે અને એની ફી રૂા. ૧૦૦/– રાખી સ્વતંત્ર બી. એડ્. પ્રવેશ એકમ તરીકે કાર્ય કરે.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજુ કરવામાં આવી હતી.**

**૫૮.** વાણિજય વિદ્યાશાખાએ તેની તા. ૨૯ – ૧૨ – ૦૮ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૬ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>વાણિજય વિદ્યાશાખાની તા. ૨૯ – ૧૨ – ૦૮ની સભાની ભલામણ ક્રમાંક : ૧૬</u>**

કોમર્સ ફકલ્ટી હેઠળ લેવાતી વિવિધ પરીક્ષાઓમાં ડીગ્રી કક્ષાએ મેડલ/ પારિતોષિક યુનિવર્સિટી દ્વારા કુલ ગુણને ધ્યાનમાં રાખી એનાયત કરવામાં આવે છે તેને બદલે ફકત યુનિવર્સિટીની પરીક્ષાના માર્કસને ધ્યાનમાં લઈને એનાયત કરવામાં આવે એવું આ સભા ઠરાવે છે જે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વાણિજય વિદ્યાશાખાની તા. ૨૯ – ૧૨– ૦૮ની સભાની ભલામણ ક્રમાંક : ૧૬ને મંજૂર કરવી અને ખરડો મંજૂર કરવા માટે નીચે મુજબની સમિતિની રચના કરવી.

(૧) આ.ડૉ. યુ. ટી. દેસાઈ – કન્વીનરશ્રી

(૨) આ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ

(૩) ડૉ. જાગૃતિબેન પટેલ

**૫૯.** યુનિવર્સિટીના પી. જી. મેડીકલ એડમીશનના નિયમોમાં સુધારા કરવા અંગે અન્ડર સેક્રેટરી, એજયુકેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગરના તા. ૨૧ – ૦૧ – ૦૯ ફેકસથી મોકલેલ પત્ર અંગે તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૨૩ – ૦૧ – ૦૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮ – ૦૧ – ૦૯નાં ઠરાવ ક્રમાંક : ૮૮ની ભલામણ પર નોંધ લેવા બાબત.

**<u>તબીબી વિદ્યાશાખાની તા. ૨૩ – ૦૧ – ૦૯ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એજયુકેશન ડિપાર્ટમેન્ટના તા. ૨૧ – ૦૧ – ૦૯ના પત્ર ક્રમાંક : MIS - 1309 - 118 - KH દ્વારા સ્ટેટ કવોટાની ૫૦% પી. જી. (મેડીકલ) સીટ માટે દર્શાવેલ Criteria મંજૂર કરી યુનિવર્સિટીના પી. જી. મેડીકલ રૂલ્સમાં જરૂરી સુધારા વધારા કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮ – ૦૧ – ૦૯નાં ઠરાવ ક્રમાંક : ૮૮</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પી. જી. મેડીકલ એડમીશનના નિયમોમાં સુધારા કરવા અંગે અન્ડર સેક્રેટરી, એજયુકેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગરના તા. ૨૧ – ૦૧ – ૦૯ ફેકસથી મોકલેલ પત્ર અંગે તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૨૩ – ૦૧ – ૦૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી ભલામણનો સ્વીકાર કરવો.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમીક કાઉન્સિની તા. ૨૮ – ૦૧ –૦૯નાં ઠરાવ ક્રમાંક : ૮૮ને યથાવત મંજૂર કરવામાં આવે છે.

**૬૦.** તા. ૪ – ૨ – ૨૦૦૯ના રોજ મળેલી નાણાં સમિતિની સભાની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

## **<u>નાણાં સમિતિની તા. ૩૧ – ૧૨ – ૨૦૦૮ની કાર્યવાહીની બાબત ક્રમાંક :૫</u>**

**<u>બાબત ક્રમાંક : ૫</u>**

અધ્યક્ષશ્રીની પરવાનગીથી રજૂ થયેલી બાબત.....

(અ) સને ૨૦૦૯ – ૨૦૧૦ના વર્ષ માટે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી સીક્યુરીટી અને તેને લગતી આનુષંગિક કામગીરી માટે કોન્ટ્રાકટ આપવા તૈયાર કરવામાં આવેલાં ટેન્ડરોનાં તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત...

**<u>ઠરાવ ક્રમાંક : ૫</u>**

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૯ – ૧૦ના વર્ષ માટે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી સીક્યુરીટી અને તેને લગતી આનુષંગીક કામગીરી માટે કોન્ટ્રાકટ આપવા શિવમ સીક્યુરીટી એન્ડ ઈન્વેસ્ટીગેશન સર્વીસ, સુરતને નેગોશીએશન કર્યા બાદ આપવું. વધુમા સદરહું એજન્સીમાં કામ કરતાં માણસોની લાયકાત ધોરણો વિગેરે બાબતો પર ધારા ધોરણો નકકી કરવાં શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા અને આ. શ્રી જે. એમ. નાયકની કમિટિ બનાવી, તેઓની સમક્ષ તા. ૫ / ૧/ ૨૦૦૯ના બપોરે ૩ = ૦૦ કલાકે એજન્સીના મુખ્ય કર્તાહર્તાને રૂબરૂ હાજર રહેવા ટેલીફોન દ્વારા જણાવી નેગોશીએશન માટે બોલવવા ત્યારબાદ સદરહું બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

**<u>નાણાંસમિતિની સભા બુધવાર તા. ૩૧ / ૧૨/ ૦૮નાં રોજ ૧૧ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના મા. કુલપતિશ્રીની ચેમ્બરમાં રાખવામાં આવી હતી જેની બાબત ક્રમાંક : ૫ ઉપર ઠરાવ્યા મુજબ નેગોશીએશન જોગ.</u>**

## **<u>ઠરાવ ક્રમાંક : ૫</u>**

નાણાં સમિતિની તા. ૩૧ / ૧૨/ ૨૦૦૮ની સભાની ઓન ચેર લીધેલ બાબતના ઠરાવ ક્રમાંક : ૫ મુજબ તા. ૫/ ૧/ ૨૦૦૯ના રોજ બપોરે ૩ = ૦૦ કલાકે સિકયોરીટીની કામગીરી માટે શિવમ સીક્યુરીટી એન્ડ ઈન્વેસ્ટીગેશન સર્વીસ, સુરતના માલીકશ્રી સાથે ઠરાવ્યા મુજબ શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાએ નેગોશીએશન કર્યુ હતું તે મુજબ વિચારણા કર્યા બાદ તેઓશ્રી આપેલ પત્રમાં જણાવેલાં ભાવો નકકી કર્યા છે. જે આ સાથે સામેલ છે. જે મંજુર કરવા સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

**<u>ઉપરોકત બાબતને નીચે મુજબની નાણાં સમિતિની તા. ૪ – ૨ – ૨૦૦૯ની સમિતિમાં નીચે</u>**

**<u>મુજબનો સુધારો વધારો થયેલ છે.</u>**

## <u>નાણાં સમિતિની  તા. ૪ – ૨ – ૨૦૦૯ની બાબત ક્રમાંક : ૧</u>

ગત સભાની તા. ૩૧ – ૧૨ – ૦૮ની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

:: નાણાં સમિતિની તા. ૩૧ – ૧૨ – ૦૮ની કાર્યવાહીના ઠરાવ નં. ૫માં નાણાં સમિતિની તા. ૪ / ૨/ ૨૦૦૯ની સભામાં બાબત ક્રમાંક : ૧થી નીચે મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે.

## <u>" ઠરાવ નં. – ૫ સુધારો : "</u>

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતેના ગાર્ડન ડેવલપમેન્ટ તથા જાળવણી માટે વૃંદાવન નર્સરી એન્ડ પ્લાન્ટેશનની દરખાસ્ત આવેલ છે. જેમાં તેમણે સીકયોરીટી કોન્ટ્રાકટ જે દરથી આપવામાં આવે છે તે જ દરે કામ કરવાની સંમતિ દર્શાવી છે તે ધ્યાને લઈ તેમણે ટેન્ડર દ્વારા સીકયોરીટી કોન્ટ્રાકટના જે ભાવ અંતિમ નકકી થાય તે દરે એક વર્ષ માટે આ કામ સોંપવા માટેની તેમજ આ કામ માટેની શરતો હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા કેરલ ટેન્ડરની શરતો મુજબની શરતો ધ્યાનમાં લઈ વર્ક ઓર્ડર આપવા માટેની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

## <u>નાણાં સમિતિની તા. ૪ – ૨ – ૨૦૦૯ની બાબત ક્રમાંક : ૩</u>

યુનિવર્સિટીની માર્ચ/ એપ્રિલ/ ઓકટોબર – ૨૦૦૯ અને માર્ચ/ એપ્રિલ – ૨૦૧૦ની વિવિધ પરીક્ષાઓ માટેની ઉત્તરવહીઓના છાપકામ કરવા અંગે ટેન્ડર નોટીસ આપી આવેલ નિયત સમયના ટેન્ડરોનું તૈયાર કરવામાં આવેલ તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ માટેની ઉત્તરવહીઓના છાપકામ કરવા ઓરીએન્ટ કંપનીના ૭૦ G S M કાગળ વાપરવા અને સૌથી ઓછા ભાવ કોહિનૂર ઓફ સેટ, પાટણ સાથે નેગોશીએશન કરીને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**::** આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની તા. ૪–૨–૨૦૦૯ના રોજ મળેલ સભાના ઉપર મુજબના ઠરાવો બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) યુનિવર્સિટીની કેમ્પસની સીકયુરીટી કોન્ટ્રાકટ માટે મળેલ ટેન્ડર પૈકીના લોએસ્ટ ટેન્ડર ક્રમાંકઃ (૧) ગ્રોમોર સિકયોરીટી સાથે સિન્ડિકેટ સભ્ય શ્રી દિનેશભાઈ દાશા અને ડૉ. ઘનશ્યામભાઈ રાવલ દ્વારા ટેન્ડરમાં ભરેલા વિવિધ દર બાબતે નેગોશીએશન કરી જે દર નકકી થાય તે દરે કોન્ટ્રાકટ આપવો.

(૨) યુનિવર્સિટીના ગાર્ડન ડેવલપમેન્ટની કામગીરી માટેની દરખાસ્ત સ્વીકારીને સિકયુરીટી માટેના મંજૂર થનાર વિવિધ દરોથી વૃંદાવન નર્સરી એન્ડ પ્લાન્ટેશન પાસે કામગીરી કરાવવી.

(૩) યુનિવર્સિટી માર્ચ/ એપ્રિલ/ ઓકટોબર–૨૦૦૯ અને માર્ચ/એપ્રિલ–૨૦૧૦ ની વિવિધ પરીક્ષાઓ માટેની ઉત્તરવહીઓના છાપકામ કરવા અંગે નાણા સમિતિની તા.૪–૨–૨૦૦૯ની બાબત ક્રમાંકઃ ૩

થી મંજૂર થયેલ ઠરાવને યથાવત મંજૂર રાખવો તથા તે મુજબ કોહીનુર ઓફસેટ, પાટણ સાથે નેગોશીએશન કરી વર્ક ઓર્ડર આપવો.

**૬૧.** રાષ્ટ્રીય સેવા યોજના માટેની યુનિવર્સિટી સલાહકાર સમિતિની ગત વર્ષની મુદત તા. ૩૧/ ૧૨/ ૨૦૦૮ના રોજ પૂરી થવાથી નવી સલાહકાર સમિતિ બે વર્ષ માટે બનાવવા અંગે……

(રાષ્ટ્રીય સેવા યોજના)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાષ્ટ્રીય સેવા યોજના માટેની યુનિવર્સિટી સલાહકાર સમિતિની ગત વર્ષની મુદત તા. ૩૧/ ૧૨/ ૨૦૦૮ના રોજ પૂરી થવાથી નવી સલાહકાર સમિતિ બે વર્ષ માટે બનાવવા મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.

ક્રમાંકઃ એસ – ૧ (૧)/૨૦૪૬/ ૨૦૦૯. **કુલસચિવ**

તા. ૬–૩– ૨૦૦૯.

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ……